# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 26-07-2026 I VOL : 12 I Issue : 131 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

આત્મવિશ્વાસ સૌથી મોટી શક્તિ છે. સપનાઓને પાંખો મહેનતથી મળે છે.


3  નવસારીમાં પૂર બાદ સ્થિતિ પૂર્વવત્ કરવા તંત્ર એક્શન મોડમાં: નાયબ મુખ્યમંત્રી...

4  લદ્દાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકને હોસ્પિટલ શિફ્ટ કરવા...

6  તમન્ના ભાટિયાએ સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીને લઈને કર્યો મોટો ખુલાસો

7  ભારતે T20 વર્લ્ડ કપ પછી પહેલી સિરીઝ જીતી


## વિશ્વની સૌથી મોટી પાર્ટીને ઝુકાવી દીધી: Gen-Z સામે સરકારને ઝૂકવુ પડ્યુ

# આખરે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું

### હિંસાથી મન દુ:ખી, દેશવિરોધી શક્તિઓ આંદોલનનો ગેરલાભ ન ઉઠાવે: ધર્મેન્દ્ર પ્રધાન

નવી દિલ્હી

શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું છે. નીટ પેપર લીક વિરુદ્ધ ચાલી રહેલા આંદોલન વચ્ચે તેમણે એક મોટો નિર્ણય લીધો છે. ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગને લઈને મોટી સંખ્યામાં

**પ્રહલાદ જોશી બન્યા નવા શિક્ષણ મંત્રી**

વિદ્યાર્થીઓ દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. ઉપરાંત કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને તમામ વિપક્ષી દળો પણ પ્રધાનનું રાજીનામું માંગી રહ્યા હતા. પ્રધાને લખ્યું કે પત્રમાં લખ્યા મુજબ મેં પ્રથમ દિવસથી જ આ પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી લીધી હતી અને ક્યારેય પીછેહઠ કરી નથી. અમારો દ્રઢ સંકલ્પ છે કે પરીક્ષા માફિયાના કારણે કોઈ પણ તેજસ્વી વિદ્યાર્થીનું ભવિષ્ય બગાડવા દઈશું નહીં અને કોઈ પણ વિદ્યાર્થી સાથે અન્યાય થવા દઈશું નહીં. તેમણે લખ્યું કે 16 જુલાઈના રોજ જાહેર થયેલા NEET-UGના પરિણામો સંતોષજનક રહ્યા હતા, જેમાં ગરીબ પૃષ્ઠભૂમિમાંથી આવતા અનેક મેધાવી વિદ્યાર્થીઓને પણ સફળતા મળી છે.



દેશના વિદ્યાર્થીઓનું ભવિષ્ય કાનૂની ગૂંચવણોમાં ન અટવાય અને બાળકો પોતાનો સમય ભણતરમાં અને કારકિર્દી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકે, તે માટે તેમણે રાજીનામું સોંપવાનો નિર્ણય કર્યો છે. પત્રના અંતમાં તેમણે પ્રધાનમંત્રીના માર્ગદર્શન, સહયોગીઓનો આભાર માન્યો હતો અને ભવિષ્યમાં પણ ભારત માતા, ઓડિશાની જનતા અને દેશના યુવાનોની સેવા માટે પોતાને સમર્પિત રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે.

**જંતર-મંતર પર જશ્ન: દીપકેએ ઘૂંટણિયે બેસીને સ્ટેજ પર હાથ પછાડ્યો, CJP સમર્થકોની બેરિકેડિંગ પર ચઢીને સેલ્ફી લીધી**



### ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર વર્લ્ડ મીડિયા

#### BBCએ કહ્યું- વિદ્યાર્થીઓ સામે ઝૂકી મોદી સરકાર, CNN- એક મીમથી શરૂ થયેલા આંદોલને શિક્ષણ મંત્રીની ખુરશી છીનવી

શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું થઈ ગયું છે. NEET પેપર લીક કેસમાં તેમના રાજીનામાની માંગ કરતા કોકરોચ જનતા પાર્ટી છેલ્લા 36 દિવસથી જંતર-મંતર પર ધરણાં કરી રહી છે.

રાજીનામા પછી BBCએ લખ્યું કે મોદી સરકારને વિદ્યાર્થીઓ સામે ઝૂકવું પડ્યું છે. જ્યારે ગાર્ડિયને લખ્યું કે મોદી સરકારના 12 વર્ષમાં પહેલીવાર જનતાના દબાણમાં કોઈ મંત્રીનું રાજીનામું થયું.


ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને ન્યૂયોર્ક ટાઈમ્સ, CNN, અલ જઝીરા અને ડોન સહિત અનેક આંતરરાષ્ટ્રીય મીડિયા સંસ્થાઓએ પણ ટોપ સ્ટોરીઝમાં સ્થાન આપ્યું છે.

ધર્મેન્દ્ર પ્રધાન જેવા વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી ખરેખર રાજીનામું આપશે કે નહીં, તે અંગે છેલ્લી ઘડી સુધી કંઈ જાણી શકાયું ન હતું. તેમના રાજીનામા પછી આંદોલનમાં સામેલ વિદ્યાર્થીઓ, ખાસ કરીને પહેલીવાર કોઈ મોટા પ્રદર્શનનો ભાગ બનેલા યુવાનોને પોતાની જીતનો અહેસાસ થઈ રહ્યો છે.

ભાજપના 12 વર્ષના શાસનમાં આ પહેલીવાર છે, જ્યારે વડાપ્રધાન મોદીના સૌથી નજીકના અને ભરોસાપાત્ર મંત્રીઓમાંથી એકને જાહેર દબાણને કારણે રાજીનામું આપવું પડ્યું છે. તેમનું નેતૃત્વ નવા બનેલા યુવા રાજકીય સંગઠન કોકરોચ જનતા પાર્ટી (CJP)એ કર્યું. આ સપ્તાહે આ આંદોલન દેશભરમાં યુવાનોના મોટા વિરોધ પ્રદર્શનમાં ફેરવાઈ ગયું. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપી દીધું. ભારતમાં ચાલી રહેલું વિદ્યાર્થી આંદોલન સરકાર સામેની સૌથી મોટી પડકારોમાંની એક બની ગયું હતું. આ આંદોલનની આગેવાની પોતાને 'કોકરોચ' કહેનારા વિદ્યાર્થી સમૂહો કરી રહ્યા હતા. આ નામ ભારતના ચીફ જસ્ટિસની કથિત અપમાનજનક ટિપ્પણીથી પ્રેરિત હતું.

### એક નજર...

**અભિનેત્રી સંદીપા ધરે કેમેરા સામે ફ્લોન્ટ કર્યું પરફેક્ટ ફિગર**



સંદિપા ધરએ અભિનયની શરુઆત 2010માં આવેલી ફિલ્મ ઈસી લાઈફ મે થી કરી હતી. આ ફિલ્મમાં તેમના અભિનય માટે તેમને શ્રેષ્ઠ નવોદિત કલાકાર માટે ફિલ્મફેર એવોર્ડ, સ્ટાર સ્ક્રીન એવોર્ડ અને સ્ટારડસ્ટ એવોર્ડ માટે નામાંકિત કરવામાં આવી હતી.સંદીપા ધરનો જન્મ શ્રીનગરમાં એક કાશ્મીરી પંડિત પરિવારમાં થયો હતો.

### NEWS TRACK

#### ઈરાન સામે કુવૈત અને બેહરીન મેદાને, પહેલીવાર સીધા સૈન્ય પ્રહાર

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ અને સંઘર્ષ વચ્ચે મિડલ ઈસ્ટક્ષેત્રમાં યુદ્ધ વધુ વકર્યું છે. ઈરાન દ્વારા સતત કરવામાં આવી રહેલા હુમલાઓના જવાબમાં હવે અખાતી દેશો પણ સીધા યુદ્ધમાં કૂદી પડ્યા છે. 'ધ વોલ સ્ટ્રીટ જર્નલ'ના રિપોર્ટ અનુસાર, બેહરીન અને કુવૈતે પ્રથમ વખત ઈરાન પર સીધા સૈન્ય હુમલા શરૂ કરી દીધા છે. સાઉદી અરેબિયાનું સમર્થન બેહરીન અને કુવૈતે ઈરાનના મિસાઈલ સ્ટોરેજ અને મહત્ત્વના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવ્યા છે. આ જવાબી કાર્યવાહીમાં સાઉદી અરેબિયા બંને દેશોને ઈન્ટેલિજન્સ (ગુપ્ત માહિતી) અને ડિફેન્સિવ એર કવર આપીને મદદ કરી રહ્યું છે. અત્યાર સુધી કુવૈત અને બેહરીન જેવા અખાતી દેશો માત્ર પોતાની આત્મરક્ષા પૂરતી જ કામગીરી કરતા હતા. ઈરાન તરફથી આવતા ડ્રોન કે મિસાઈલોને હવામાં જ તોડી પાડવા સુધી જ તેમની સક્રિયતા સીમિત હતી, જેથી યુદ્ધ વધુ ન વકરે. પરંતુ ઈરાન દ્વારા સતત થઈ રહેલા હુમલાઓને જોતા હવે આ દેશોએ પણ આક્રમક વલણ અપનાવ્યું છે. ઈરાન લાંબા સમયથી એવા દેશોને નિશાન બનાવી રહ્યું છે જ્યાં અમેરિકાના સૈન્ય બેઝ આવેલા છે.

#### હોર્મુઝમાં ફરી ઓઈલ ટેન્કર પર મિસાઇલ હુમલો: 28 ભારતીયો સવાર હતા; તમામ સુરક્ષિત

ઈરાનની જળસીમામાં શુક્રવારે એક LPG ટેન્કર પર મિસાઈલ હુમલો થવાની ગંભીર ઘટના સામે આવી છે. જોકે, રાહતની વાત એ છે કે આ જહાજ પર સવાર તમામ 28 ભારતીય નાવિકો સંપૂર્ણપણે સુરક્ષિત છે. તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે આ ઘટનાની પુષ્ટિ કરી છે અને જણાવ્યું છે કે તેઓ સંબંધિત અધિકારીઓ સાથે સતત સંપર્કમાં છે તેમજ સમગ્ર મામલા પર ઝીણવટભરી નજર રાખી રહ્યા છે. ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર નિવેદન જાહેર કરીને માહિતી આપી હતી કે, મોઝામ્બિકના ધ્વજ ધરાવતા 'દિશા' નામના LPG ટેન્કર પર આ હુમલો કરવામાં આવ્યો હતો. 'ફોરવર્ડ સીમેન્સ યુનિયન ઑફ ઈન્ડિયા' (ભારતીય સમુદ્રી કર્મચારીઓનું સંગઠન) અનુસાર, જ્યારે ટેન્કર પર્સિયન ગલ્ફ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે હોર્મુઝ સ્ટ્રેટ નજીક એક અજ્ઞાત મિસાઈલ વડે તેના પર પ્રહાર કરવામાં આવ્યો હતો. જોકે, આ હુમલો કોણે કર્યો છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

# તાપી-વ્યારામાં ખાખીનો ખોફ ખાખ: એસપીના 'દમદાર' વહીવટદાર બિપિન ચૌધરી-બુટલેગરોના મેળાપીપણાનો સણસણતો પર્દાફાશ

## 10 વર્ષથી જમાવેલો અડ્ડો, કરોડોની કાલી કમાણી અને વિદેશી સેર પર ઊઠ્યા આકરા સવાલો

પાક્કો ગુજરાત

ગુજરાતમાં કાગળ પર ચાલતી દારૂબંધીની કરુણતા અને ખાખીના ભ્રષ્ટ વહીવટનો સૌથી મોટો અને ભયાનક ચહેરો તાપી-વ્યારા જિલ્લામાં ખુલ્લો પડ્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના ગ્રાઉન્ડ રિપોર્ટ અનુસાર, સમગ્ર તાપી જિલ્લાને બુટલેગરો અને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓએ રસરંગનું સાધન બનાવી દીધું છે. જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે છિન્નભિન્ન થઈ ચૂકી છે. ઈંગ્લિશ દારૂનું બેરોકટોક નેટવર્ક, ગેરકાયદે ધમધમતી જુગારની ક્લબો અને ગામડે-ગામડે ઝેર ઓકતી કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ આજે ખાખીની છત્રછાયામાં ફૂલીફાલી રહી છે.

તાપી જિલ્લો આજે માત્ર દારૂનું સેવન કરવાનું કેન્દ્ર નથી રહ્યો, પરંતુ સુરત શહેર અને આસપાસના વિસ્તારો સુધી દારૂ સપ્લાય કરવાનો મુખ્ય 'સપ્લાય હબ' બની ગયો છે. આ કાળા કારોબારનો આખો ખેલ કન્ટેનરો મારફતે ચલાવવામાં આવે છે. તાપીથી સુરત સુધી દારૂનો જથ્થો સુરક્ષિત પહોંચાડવાની જવાબદારી જિલ્લાના નામાંકિત બુટલેગરો સંજુ દાઢી, હેમંત બેટરી, વિજય સાયન, નીતિન અને રૂસ્તમ સોનગઢના હાથમાં છે. આ સિન્ડિકેટ એટલી બેફામ બની છે કે રસ્તા પર દારૂ ભરેલા કન્ટેનરો પસાર થાય ત્યારે ખુદ પોલીસનું પેટ્રોલિંગ તેમને રક્ષણ પૂરું પાડતું હોવાના ગંભીર આરોપો લાગ્યા છે.



**વહીવટદાર બિપિન ચૌધરી**

આ આખી ભ્રષ્ટ શ્રંખલાનો મુખ્ય સૂત્રધાર અને વહીવટી અડ્ડો સંભાળનાર બીજું કોઈ નહીં પણ એલસીબીના ASI બિપિન ચૌધરી હોવાનું સામે આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, તાપી જિલ્લામાં ચાલતા દરેક ગેરકાયદે ધંધામાંથી મહિને કરોડો રૂપિયાનું ઉઘરાણું કરવામાં આવે છે. એક-એક બુટલેગર પાસેથી મહિને ૬૦ થી ૭૦ લાખ રૂપિયાનો હપ્તો વસૂલવામાં આવે છે. આ હપ્તાખોરીના જોરે એક સામાન્ય એએસઆઈ સ્તરનો કર્મચારી આજે કરોડો રૂપિયાનો આસામી બની બેઠો છે.

જિલ્લામાં ગેરકાયદે ચાલી રહેલી કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ ગમે ત્યારે મોટા લઠ્ઠાકાંડને નિમંત્રણ આપી રહી છે. ભૂતકાળમાં નિર્દોષ લોકોના જીવ લેનારા લઠ્ઠાકાંડમાંથી પ્રશાસને કોઈ પાઠ ભણ્યો નથી. જો તાપી જિલ્લામાં કેમિકલયુક્ત દારૂ પીવાથી કોઈ મોટી જાનહાની થશે કે નિર્દોષ લોકોના માળા વિખેરાશે, તો તેનો સીધો જવાબદાર કોણ? શું એસપી કે આ વહીવટદારો એ મૃતકોના પરિવારની જવાબદારી લેશે?

સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે બિપિન ચૌધરી છેલ્લા ૧૦ વર્ષથી એક જ જિલ્લામાં અને એક જ મોહરા હેઠળ પોતાની સત્તા જમાવીને બેઠા છે. સરકારી નિયમો મુજબ સમયાંતરે થતી બદલીઓના નિયમો આ અધિકારી માટે કેમ રદ્દ થઈ ગયા? તાપી જિલ્લાના પોલીસ વડા જશુ દેસાઈના અત્યંત ખાસ અને લાડકા મનાતા આ વહીવટદારને ન તો રેન્જ આઈજીનો ખોફ છે, ન તો સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની કોઈ બીક.

તાજેતરમાં જ સામે આવેલી વિગતો અનુસાર, એએસઆઈ બિપિન ચૌધરી ૧૦ દિવસ માટે દુબઈના આલીશાન પ્રવાસે ઉપડી ગયા હતા. સવાલ એ ઊભો થાય છે કે એક સરકારી કર્મચારીને ૧૦ દિવસ વિદેશ જવાની પરવાનગી કોના આદેશથી મળી? અને તેનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે શું આ મોંઘોદાટ દુબઈ પ્રવાસ તાપીના બુટલેગરો દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો? શું આ અધિકારી ખુલ્લેઆમ રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓને અને કાયદાના શાસનને ખુલ્લી ચેલેન્જ આપી રહ્યો છે?

જ્યારે આ સમગ્ર મામલે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા તાપી જિલ્લા પોલીસ વડા જશુ દેસાઈનો સંપર્ક કરવામાં આવ્યો અને સવાલો પૂછવામાં આવ્યા, ત્યારે તેમણે 'મને કંઈ ખબર નથી, હું તપાસ કરાવું છું' તેવો બચાવ રજૂ કર્યો હતો. ત્યારબાદ તેમણે ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું.

એલસીબી પીઆઈ પણ સમગ્ર મામલે મૌન ધારણ કરીને બેઠા છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે આ ભ્રષ્ટ સિન્ડિકેટ ઉપરથી નીચે સુધી રેડ કાર્પેટ પર ચાલી રહી છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આ સમગ્ર કૌભાંડ સામે અવાજ ઉઠાવે છે અને રાજ્ય સરકાર, ગૃહ વિભાગ તથા ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ આકરી માંગણીઓ રજૂ કરે છે

1. **ACB દ્વારા કડક તપાસ:** ASI બિપિન ચૌધરીની છેલ્લા 10 વર્ષની તમામ સ્થાવર-જંગમ મિલકતો, બેંક એકાઉન્ટ્સ અને બેનામી સંપત્તિઓની એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થાય.
2. **દુબઈ પ્રવાસની તપાસ:** 10 દિવસના દુબઈ પ્રવાસ માટે કોની મંજૂરી લેવાઈ હતી અને તેના ખર્ચનો સ્ત્રોત શું હતો, તેની તટસ્થ ઈન્ક્વાયરી કરવામાં આવે.
3. **એસપી અને એલસીબીની ભૂમિકાની તપાસ:** જિલ્લા પોલીસ વડા જશુ દેસાઈ અને એલસીબી પીઆઈની નિષ્ક્રિયતા તથા છત્રછાયા અંગે રેન્જ આઈજી સ્તરેથી તપાસ કમિટી નીમવામાં આવે.
4. **બુટલેગરો સામે પાસા:** સંજુ દાઢી, હેમંત બેટરી, વિજય સાયન, નીતિન અને રૂસ્તમ સોનગઢ જેવા બુટલેગરો સામે તાત્કાલિક ધોરણે પાસા હેઠળ કડક કાર્યવાહી કરી દારૂના નેટવર્કને જડમૂળથી નાબૂદ કરવામાં આવે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## વડોદરા બની ખાડોદરા ભુવા નગરી, સોશિયલ મીડિયા ઉપર કોમેન્ટ શરૂ..

વડોદરા

વડોદરા શહેરમાં સતત વરસી રહેલા વરસાદ વચ્ચે અનેક રસ્તાની હાલત બિસ્માર બની ગઈ છે. વરસાદ પડતાં જ માર્ગો પર ખાડા પડી રહ્યા છે, કેટલાક સ્થળોએ રસ્તા બેસી ગયા છે તો ક્યાંક ભુવા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. જેથી વડોદરા નગરી ફરી ખાડોદરા,ભુવા નગરી બની ગઈ છે ત્યારે સોશીયલ મીડિયા પર મેસેજ ફરી રહ્યા છે કે જો તમે વડોદરાના રસ્તાઓ ઉપર ગાળ બોલ્યા વગર પાંચ કિલોમીટર ગાડી હંકારી શકો તો, તમે પોતાને કોઈ નાના મોટા સંત માની શકો છો! શહેરના ગાજરાવાડી, ભાયલી, બિલ, અટલાદરા, ગોરવા, સમા, ખોડીયારનગર, સરદાર એસ્ટેટ સહિતના વિસ્તારોમાં રસ્તાઓ ઉબડખાબડ બની ગયા છે. વરસાદને કારણે માર્ગો પર પાણી ભરાઈ જતાં ખાડા દેખાતા નથી, જેના કારણે વાહનચાલકોને અકસ્માતનો સતત ભય સતાવી રહ્યો છે.

શહેરના કેટલાક વિસ્તારોમાં હજુ પણ પાણી, ડ્રેનેજ અને અન્ય વિકાસ કાર્યો ચાલી રહ્યા છે. બીજી તરફ જ્યાં રસ્તા બેસી ગયા છે અથવા ભુવા પડ્યા છે ત્યાં સુરક્ષાના ભાગરૂપે બેરીકેડ મૂકવામાં આવ્યા છે. જોકે રાત્રિના સમયે આવા સ્થળોએ પસાર થવું વધુ જોખમી બનતું હોવાથી નાગરિકોને સાવચેતી રાખવાની જરૂર છે. જાગૃત નાગરિકોનું કહેવું છે કે વરસાદ પડતાં જ રસ્તાઓ તૂટી જવું એ માર્ગ નિર્માણની ગુણવત્તા પર પ્રશ્નાર્થ ઊભો કરે છે.

## ગાંધીનગરના સાદરા-અલુવા બ્રિજને જોડતા એપ્રોચ રોડ પર લોકાર્પણના 48 કલાકમાં જ ગાબડું

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલા સાદરા અને અલુવા ગામને જોડવા માટે સાબરમતી નદી પર 89 કરોડના ખર્ચે નવો બ્રિજ બનાવવામાં આવ્યો છે. આ બ્રિજનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા 21 જુલાઈએ ઓનલાઈન ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જ્યારે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્થળ પર રૂબરૂ મુલાકાત લીધી હતી. આ નવો બ્રિજ શરૂ થવાથી સ્થાનિકોમાં આનંદનો માહોલ હતો, પરંતુ આ ખુશી લાંબો સમય ટકી શકી નહોતી. બ્રિજના લોકાર્પણના માત્ર બે જ દિવસ બાદ, એટલે કે 23 જુલાઈએ વિસ્તારમાં ભારે વરસાદ ખાબક્યો હતો. ચોમાસાના આ વરસાદને કારણે બ્રિજને જોડતા એપ્રોચ રોડ પર અલુવા તરફના છેડે માટી બેસી ગઈ હતી અને રોડનો મોટો ભાગ નીચે ધસી જતાં મોટું ગાબડું પડી ગયું હતું. નવા નકોર બ્રિજની આ સ્થિતિ જોઈને સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ ફેલાયો છે. ઘટનાની જાણ થતાં જ માર્ગ અને મકાન વિભાગના ઈજનેરો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. સચિવાલય સુધી આ બાબતના પડઘા પડતાં સમારકામની કામગીરી ઝડપથી શરૂ કરવામાં આવી હતી. અકસ્માત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા રોડ પરનો વાહન વ્યવહાર એક તરફી (વન-વે) કરી દેવામાં આવ્યો હતો. વિભાગ દ્વારા સ્થળ પર સતત નજર રાખવામાં આવી રહી છે જેથી વાહનચાલકોને મુશ્કેલી ન પડે. આ અંગે સ્પષ્ટતા આપતાં પુલના સુપરવાઈઝરે જણાવ્યું હતું કે, એપ્રોચ રોડ પર નવી માટી ભરવામાં આવી હોવાથી વરસાદી પાણી અંદર ઊતરતાં માટી બેસી ગઈ હતી. તેમણે ખાતરી આપી હતી કે વરસાદ બંધ થતાં જ સંપૂર્ણ રોડને પૂર્વવત કરી દેવાશે.

## સરકારની નો ડિટેન્શન પોલિસીથી સ્કૂલોના મોટાભાગના આચાર્યો નાખુશ

ગાંધીનગર

રાઈટ ટૂ એજ્યુકેશન એકટ હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલોમાં નો ડિટેન્શન પોલિસીનો અમલ કરવામાં આવે છે.જેના ભાગરુપે બાળકોને પ્રાથમિક વિભાગમાં ધોરણ પાંચ અને આઠ સિવાય અન્ય કોઈ પણ ધોરણમાં નાપાસ કરી શકાતા નથી.પણ આ પોલિસીને લઈને સ્કૂલોના આચાર્યો ખુશ નથી તેવું એમ.એસ.યુનિવર્સિટીની સોશ્યલ વર્ક ફેકલ્ટીના માસ્ટર ઓફ સોશ્યલ વર્કના વિદ્યાર્થી પિયુષ બાબરિયાએ ફેકલ્ટીના અધ્યાપક ડો.શર્મિષ્ઠા સોલંકીના માર્ગદર્શન હેઠળ કરેલા અભ્યાસમાં સામે આવ્યું છે. આ અભ્યાસના ભાગરુપે પિયુષ બાબરિયાએ શિક્ષણ સમિતિની ૧૨૧ સ્કૂલોના આચાર્યો અથવા હેડ શિક્ષકના સરકારની વિવિધ યોજનાઓ પર અભિપ્રાય જાણ્યા હતા.જેમાં ૮૬ ટકા આચાર્યોએ કહ્યું હતું કે, નો ડિટેન્શન પોલિસીથી શિક્ષણની ગુણવત્તા પર વિપરિત અસર પડી રહી છે.તેનાથી શિક્ષણ પ્રત્યેની ગંભીરતા ઓછી થઈ રહી છે અને બાળકોમાં નિષ્ફળ થવાનો ડર રહેતો નથી. સાથે સાથે આચાર્યોએ કહ્યું હતું કે, સ્કૂલોમાં લાગુ થયેલી મધ્યાહન ભોજન યોજના સફળ પૂરવાર થઈ છે.તેનાથી બાળકોની સંખ્યામાં વધારો થયો હોવાનું ૮૪ ટકાનું માનવું છે.જ્યારે ૮૭ ટકા શિક્ષકોએ કહ્યું હતું કે, ભોજન મળતું હોવાથી બાળકો નિયમિત સ્કૂલે આવે છે.૮૯ ટકાએ કહ્યું હતું કે, બાળકોને મળતા પોષણ માં વધારો થયો છે અને અભ્યાસમાં ધ્યાન કેન્દ્રીત કરવામાં મદદ મળી છે.

## ખંભાતના અખાતના દરિયામાં હજીરા નજીક 3.2નો ધરતીકંપ

રાજકોટ


ભૂકંપનું સર્વાધિક જોખમ ધરાવતા કચ્છમાં તીવ્ર ભૂકંપો સામાન્ય છે, ઉપરાંત સૌરાષ્ટ્રમાં ભૂકંપોનો સિલસિલો જારી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના દરિયામાં પણ ફોલ્ટલાઈન વર્ષોથી સક્રિય હોવાના અણસાર મળ્યા છે. ગત રાત્રિના ૧૧.૦૯ વાગ્યે સુરતથી ૪૨ કિ.મી. પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશાએ ૪૨ કિ. મી.દૂર અલંગ અને ઓલપાડ વચ્ચેના ખંભાતના અખાતમાં હજીરા નજીકના દરિયામાં ૮.૩ કિ.મી.ની ઉંડાઈએ ૩.૨ મેગ્નિટયુડનો ધરતીકંપ નોંધાયો છે. બરાબર ૧૦ વર્ષ પૂર્વે તા.૧૭-૭-૨૦૧૬ના સુરતથી ૫૭ કિ.મી. ના અંતરે દહેજ પછી લુવારા નજીકના દરિયામાં (ખાડીમાં) ૪.૫ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ પણ નોંધાયો હતો. જ્યારે ઈ.સ.૨૦૧૬થી ૨૦૨૦ સુધીના વર્ષોમાં માંગરોળ, ઉનાથી ૩૮થી ૫૦ કિ.મી.ના અંતરે અરબી સમુદ્રમાં પણ ૪.૦થી વધુ તીવ્રતાના ભૂકંપો નોંધાયા છે. આ ઉપરાંત પણ ૪.૦થી ઓછી તીવ્રતાના અનેક ભૂકંપો દરિયામાં આવતા રહ્યા છે. આમ, સૌરાષ્ટ્રના સોમનાથ,રાજકોટ જિલ્લાની જેમ રાજ્યના દરિયાની જમીનમાં પણ ફોલ્ટ્સ વારંવાર ધરતીકંપ જન્માવે છે.


### ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓ સરેઆમ રોળાયા!

# ખાખીની ગુનાખોરી અને વહીવટદારોનો ત્રાસ : ડભોઈથી કરજણ સુધી દારૂ અને જુગારનું સામ્રાજ્ય

પાક્કો ગુજરાત, વડોદરા

ગુજરાતમાં કાગળ પર ચાલતી કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે વડોદરા જિલ્લાના કરજણ અને ડભોઈ પંથકમાંથી જે ભયાનક તસવીરો સામે આવી છે, તેણે સમગ્ર પોલીસ બેડાને કઠેડામાં ઊભો કરી દીધો છે. સત્તા અને ખાખી વર્દીની આડમાં ચાલતા આ ગુનાહિત સામ્રાજ્યમાં રક્ષક જ ભક્ષક બની ગયા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના આ કડવા ગ્રાઉન્ડ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે કેવી રીતે ભ્રષ્ટ અધિકારીઓ અને કુખ્યાત બૂટલેગરોની મિલીભગતે કાયદા અને વ્યવસ્થાની ખુલ્લેઆમ સરેઆમ હરાજી કરી નાખી છે.


ભૂપત રબારી


હનુંભા કામડીયા

### કરજણ પોલીસ સ્ટેશનની નાક નીચે ચાલે છે દેશી-વિદેશીનો ધંધો!

કરજણ તાલુકામાં કાયદો માત્ર કાગળના ટુકડા સમાન બની ગયો છે. કટોકટીભરી આ સ્થિતિના ચોંકાવનારા પુરાવાઓ નીચે મુજબ છે: કરમડી ગામ (માત્ર ૨ કિમી દૂર): પોલીસ સ્ટેશનની બિલકુલ નજીક આવેલા આ ગામમાં રાત-દિવસ દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી કાળા ધુમાડા નીકળે છે. પોલીસની ગાડીઓ સાયરન વગાડતી નીકળી જાય છે, પણ ભઠ્ઠીઓ સુધી પહોંચવાની કોઈની તાકાત નથી!

કુરાલી અને સાપા ગામ: નવી નગરી અને નવી વસાહત પાસે નગીન નામના શખ્સ દ્વારા ખુલ્લેઆમ વરલી મટકા અને જુગારના અડ્ડાઓ ધમધમાવાઈ રહ્યા છે.

રાણાપુર અને ચીમકી ગામ: ભાજપ યુવા મોરચાના હોદ્દાનું રાજકીય પીઠબળ ધરાવતા સરપંચ પાર્થ શાહના સંરક્ષણ હેઠળ વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતરી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો છે.

કંડારી અને બારીયાવાસ: પ્રદીપ વસાવા અને પરેશ કાંતિલાલ જેવા રીઢા બૂટલેગરો બેફામપણે ઈંગ્લિશ દારૂનું ખુલ્લું વેચાણ કરી રહ્યા છે.

### 'જેલ રિટર્ન' વહીવટદાર હનુભા કામડીયાનો આતંક: પકડાયેલો દારૂ ખુદ બૂટલેગરોને વેચી મારવાનો ખેલ!

આ સમગ્ર ભ્રષ્ટ સિન્ડિકેટનો સૌથી ઘાતક ચહેરો ખાખી વર્દીની આડમાં બેઠેલા કથિત વહીવટદારો છે:

૧. સસ્પેન્ડેડ હનુભા કામડીયાની દાદાગીરી: ભૂતકાળમાં વિદેશી દારૂના ગુનામાં જેલની હવા ખાઈ ચૂકેલા અને સસ્પેન્ડ થયેલા હનુભા કામડીયાને એક વગદાર રાજકીય નેતાના ઈશારે ફરી કરજણ પોલીસ સ્ટેશનમાં ગોઠવી દેવાયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ, હનુભા પકડાયેલા ઈંગ્લિશ દારૂને જપ્ત કરવાના બદલે તેને સીધો બૂટલેગરોને જ પાછો વેચીને લાખો રૂપિયાની કાળી કમાણી રળી રહ્યો છે!

૨. LCB ASI ભૂપત રબારીનો બેફામ દબદબો: ડભોઈ બીટમાં ફરજ બજાવતા અને આખા જિલ્લાની LCB નો વહીવટ સંભાળતા એએસઆઈ ભૂપત રબારીનો રોફ એવો છે કે જાણે તેઓ જિલ્લા પોલીસ વડા (SP)થી પણ ઉપર હોય!

૩. ૯૯ ગામોમાંથી કરોડોનું કાળું ભરણ: કરજણના ૯૯ ગામોમાંથી ગામદીઠ માતબર હપ્તાઓ ઉઘરાવીને કરોડો રૂપિયાનું કાળું ભરણ ભ્રષ્ટ આકાઓ અને વગદાર નેતાઓને નજરાણા તરીકે પહોંચાડવામાં આવે છે.

### ડભોઈમાં પણ મેદાને પડ્યા બૂટલેગરો: ઠેર-ઠેર દેશી-વિદેશીની ભઠ્ઠીઓ ધમધમી!

માત્ર કરજણ જ નહીં, પરંતુ બાજુના ડભોઈ તાલુકામાં પણ કાયદો ઘૂંટણિયે પડી ગયો છે.

ડભોઈના ગામડાઓમાં અત્યારે દેશી દારૂની ભઠ્ઠીઓ અને ઈંગ્લિશ દારૂની બોટલોના ખુલ્લા વેચાણથી યુવાધન બરબાદ થઈ રહ્યું છે. સ્થાનિક સ્તરેથી રોષ ફાટી નીકળ્યો છે કે પોલીસની રહેમનજર વગર આટલા મોટા પાયે ગેરકાયદે ધંધા ચાલવા અસંભવ છે.

### 'પાક્કો ગુજરાત'ના સીધા અને સણસણતા સવાલો - તંત્રમાં દમ હોય તો જવાબ આપે!

1. જે કર્મચારી દારૂના કેસમાં જેલ જઈ આવ્યો હોય, તેને જ ફરીથી કરજણમાં કયા ભ્રષ્ટ આકાના ઈશારે સેટ કરવામાં આવ્યો?
2. પોલીસ સ્ટેશનથી માત્ર બે કિમી દૂર ચાલતી દારૂની ભઠ્ઠીઓ એસ.પી. કે LCB PI ને કેમ દેખાતી નથી? શું હપ્તાની રેલછેલ તેમને આંખે અંધાપો લાવી દીધી છે?
3. પકડાયેલો દારૂ બૂટલેગરોને પરત વેચી મારનાર હનુભા કામડીયા સામે ક્યારે હેવી ગુનો નોંધી તેને ફરી જેલમાં ધકેલવામાં આવશે?
4. ડભોઈ અને કરજણ પંથકમાં ખુલ્લેઆમ ચાલતા આ જુગાર અને દારૂના અડ્ડાઓથી ક્યારે મુક્તિ મળશે?

ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાઓને હવામાં ઉડાડતા આ ભ્રષ્ટ અધિકારીઓ સામે જો તાત્કાલિક આકરી કાર્યવાહી નહીં થાય, તો જનતાનો આક્રોશ ગમે ત્યારે સડક પર ફાટી નીકળશે!

### અલગ-અલગ ગુનાઓમાં જપ્ત કરાયેલા 44 વાહનોનો કરાયો નિકાલ

## કરજણ પોલીસ સ્ટેશન ખાતે પારદર્શક રીતે જાહેર હરાજી યોજાઇ

કરજણ (વડોદરા)



પોલીસ સ્ટેશનોમાં લાંબા સમયથી જપ્ત હાલતમાં પડી રહેલા અને બિનવારસી કે ગુનાઓમાં કબ્જે કરાયેલા મુદ્દામાલનો યોગ્ય નિકાલ કરવા માટે ગૃહ વિભાગ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે અંતર્ગત કરજણ પોલીસ સ્ટેશન ખાતે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને ૪૪ જેટલાં વાહનોની જાહેર હરાજીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

પોલીસ મહાનિરિક્ષક સંદીપસિંઘ તથા વડોદરા ગ્રામ્ય જિલ્લા પોલીસ અધિક્ષક સુશીલ અગ્રવાલ અને કરજણ ડિવિઝનના DySP પી.એન. પટેલ દ્વારા પોલીસ સ્ટેશન પરિસરમાં વર્ષોથી પડેલા મુદ્દામાલના યોગ્ય નિકાલ અંગે સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી.

આ માર્ગદર્શન હેઠળ કરજણ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) બી.એમ. પટેલ અને તેમની ટીમ દ્વારા કાયદાકીય અને વહીવટી પ્રક્રિયાઓ સમયસર પૂર્ણ કરવામાં આવી હતી.

તમામ વહીવટી મંજૂરીઓ મળ્યા બાદ કરજણ પોલીસ સ્ટેશન ખાતે જાહેર હરાજીનું આયોજન કરાયું હતું. આ પ્રક્રિયા દરમિયાન કરજણ ડિવિઝનના DySP પી. એન. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર હરાજી દરમિયાન સરકારી નિયમો, પ્રોટોકોલ અને સંપૂર્ણ પારદર્શિતાનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. બોલી લગાવનારા વેપારીઓ અને સ્થાનિક નાગરિકોની હાજરીમાં નિયમાનુસાર વાહનોની હરાજી કરીને સરકારી તિજોરીમાં રકમ જમા કરાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. વાહનોના નિકાલથી પોલીસ સ્ટેશન પરિસરમાં રોકાયેલી જગ્યા પણ ખાલી થઈ છે.

## વડોદરાના હરણી રોડ પર અસામાજિક તત્વોનો આતંક : શ્રીજી માર્કેટમાં વેપારી પર 25થી 30 લોકોના ટોળાનો ઘાતક હથિયારો સાથે હુમલો

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં અસામાજિક તત્વો બેફામ બન્યા હોય તેમ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ભયાનક ઘટના સામે આવી છે. વડોદરા શહેરના હરણી રોડ પર આવેલા શ્રીજી માર્કેટમાં દિન-પ્રતિદિન અસામાજિક તત્વોનો ઉપદ્રવ વધી રહ્યો છે. માર્કેટની બહાર બેસીને જાહેર મોજમજા અને નશો કરતા તેમજ વેપારીઓ તથા રાહદારીઓને અડપલા કરતા તત્વો સામે અવાજ ઉઠાવવો એક વેપારીને ભારે પડ્યો છે.

અદાવતમાં ૨૫ થી ૩૦ લોકોનું ટોળું ઘાતક હથિયારો સાથે તૂટી પડ્યું

મળતી વિગતો અનુસાર, ગત રાત્રે શ્રીજી માર્કેટના જાગૃત વેપારી ધર્મેશ પરદેશી દ્વારા માર્કેટની બહાર અડ્ડો જમાવીને નશો કરતા અને અન્ય વેપારીઓને હેરાન-પરેશાન કરતા અસામાજિક તત્વોને ત્યાં બેસવાની અને અડપલા કરવાની ના પાડવામાં આવી હતી.

આ બાબતની મનદુખ અને અદાવત રાખીને ઉશ્કેરાયેલા ૨૫ થી ૩૦ લોકોનું મોટું ટોળું તીક્ષ્ણ અને ઘાતક હથિયારો સાથે સજ્જ થઈને અચાનક વેપારી ધર્મેશ પરદેશીની દુકાન પર ધસી આવ્યું હતું. ટોળાએ દુકાનમાં તોડફોડ કરી ધર્મેશભાઈ પર હુમલો કરી દીધો હતો.

### શિનોર તાલુકામાં કપાસના ખેડૂતો મુશ્કેલીમાં

## આઈ-ખેડૂત પોર્ટલ તારીખ 24થી બંધ થતાં અનેક ખેડૂતો સહાયથી વંચિત

10 દિવસનું પોર્ટલ અને વચ્ચે બંધ રહેલો ટેકનિકલ ધાંધિયાનો ખેલ! : ખેડૂતોની માંગ: મુદત 31 જુલાઈ સુધી લંબાવવામાં આવે

શિનોર/વડોદરા

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજ્યમાં કપાસના ઉત્પાદનમાં વધારો કરવા માટે 'મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી' યોજના અમલમાં મુકવામાં આવી છે. રાજ્યના ૨૧ જિલ્લાઓમાં વડોદરા જિલ્લાનો સમાવેશ કરાયો છે, જેના અંતર્ગત કપાસ પકવતા ખેડૂતોને હેક્ટર દીઠ ૧૪,૦૦૦ની કિંમતની મફત બિયારણ, ખાતર અને દવાની કીટ આપવાની જાહેરાત કરાઈ હતી. પરંતુ આઈ-ખેડૂત પોર્ટલ સમય કરતાં વહેલું બંધ થઈ જતાં શિનોર તાલુકાના સેંકડો ખેડૂતો નોંધણી કરાવવાથી વંચિત રહી ગયા છે.

સરકાર દ્વારા કપાસની આ યોજનામાં નોંધણી કરાવવા માટે તારીખ ૧૦ જુલાઈથી ૨૪ જુલાઈ ૨૦૨૬ સુધીની મુદત નક્કી કરવામાં આવી હતી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે:

તારીખ ૧૭થી ૨૧ જુલાઈ સુધી આઈ-ખેડૂત પોર્ટલ ટેકનિકલ ખામીના કારણે સંપૂર્ણ બંધ રહ્યું હતું. પોર્ટલ બંધ રહેતા ખેડૂતો અરજી કરી શક્યા ન હતા.

તારીખ ૨૪ જુલાઈ પછી આ પોર્ટલ ફરીથી બંધ થઈ ગયું છે અને હવે ઓપન થતું નથી, જેના કારણે શિનોર તાલુકાના મોટાભાગના ખેડૂતો નોંધણી વગર રહી ગયા છે. યોજનાના નિયમ મુજબ કપાસનું વાવેતર ૯૦ x ૬૦ સેન્ટિમીટર (દેશી ભાષામાં એક કરબના ગાળામાં) કરવાની શરત રાખવામાં આવી છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે મોટાભાગના ખેડૂતો ક્યારેય આટલા ઓછા ગાળામાં વાવેતર કરતા નથી.

આ ઉપરાંત, હાલ ખેડૂતોએ પોતપોતાના ખેતરોમાં બિયારણ વાવી દીધું છે અને ખાતર-દવાનો ઉપયોગ પણ કરી લીધો છે. સરકારે આ સ્કીમ માર્ચ-એપ્રિલ મહિનામાં જાહેર કરવી જોઈતી હતી. હવે જો સરકાર ચકાસણી કરીને પાછળથી કીટ આપશે, તો એ ખેડૂતના ઘરના કોઈ ખૂણામાં પડી રહેશે અને તેનો કોઈ વ્યવહારિક ઉપયોગ થશે નહીં!

વધુ ઉત્પાદન, વધુ નફો અને ટકાઉ ખેતીના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી આ યોજનાનો લાભ શિનોર તાલુકાના દરેક ખેડૂત સુધી પહોંચે તે માટે સ્થાનિક ખેડૂતો દ્વારા એકસૂરે માંગ કરવામાં આવી છે.

### દમણમાં કોલક નદીના ભયાનક પૂરે વેર્યો વિનાશ

## પાતલીયા ચેકપોસ્ટ નજીક હોટલો અને દુકાનોમાં ભારે તબાહી મચી..

દમણ

પ્રખ્યાત પ્રવાસન સ્થળ દમણમાં પણ મેઘરાજાની તોફાની બેટિંગ અને ઉપરવાસમાંથી આવેલા ધસમસતા પાણીના પ્રવાહે ભારે તારાજી સર્જી છે. દમણના પાતલીયા વિસ્તાર પાસે વહેતી કોલક નદીમાં આવેલા ભયાનક પૂરને કારણે આસપાસના વિસ્તારોમાં વિનાશના દ્રશ્યો સર્જાયા છે. કોલક નદીના રૌદ્ર સ્વરૂપ અને ધસમસતા પ્રવાહની ઝપેટમાં જે પણ આવ્યું, તે તમામ ચીજવસ્તુઓ તબાહ થઈ ગઈ છે.

દમણના પ્રવેશદ્વાર સમાન પાતલીયા ચેકપોસ્ટ પાસે આવેલી અનેક નામી-અનામી હોટલો, રેસ્ટોરન્ટ્સ અને શોપિંગ કોમ્પ્લેક્સને આ પૂરે ભારે આર્થિક ફટકો માર્યો છે:



હોટલોમાં કમરકાપ પાણી: પૂરના ધસમસતા પ્રવાહ સાથે પાણી એ હદે ફરી વળ્યા કે હોટલોના પરિસરમાં અને ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૦ થી ૧૨ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા હતા. બેઝમેન્ટ ડૂબ્યા: હોટલો અને કોમ્પ્લેક્સના બેઝમેન્ટ સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ જતાં ત્યાં પાર્ક કરેલા વાહનો, કિંમતી સામાન, ફર્નિચર અને ઈલેક્ટ્રોનિક સાધનો પાણીમાં ડૂબીને તબાહ થઈ ગયા છે. પ્રવાસીઓથી ધમધમતા દમણના આ મુખ્ય વિસ્તારમાં અચાનક પૂરના પાણી ઘૂસી જતાં વેપારીઓને પોતાનો કિંમતી સામાન ખસેડવાનો સહેજ પણ સમય મળ્યો ન હતો. હોટલોમાં રોકાયેલા પ્રવાસીઓમાં પણ ભયનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક વેપારીઓ અને હોટલ માલિકોના જણાવ્યા અનુસાર, પૂરના પાણીના કારણે તેમને લાખો-કરોડો રૂપિયાનું સીધું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

## નવસારીમાં પૂર બાદ સ્થિતિ પૂર્વવત્ કરવા તંત્ર એક્શન મોડમાં

# નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય મંત્રી C.R. પાટીલે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની લીધી મુલાકાત



**નુકસાનીનું ત્વરિત સર્વેક્ષણ કરી અસરગ્રસ્તોને વહેલી તકે કેશડોલ્સ અને રાહત સહાય ચૂકવવા મંત્રીઓની સ્પષ્ટ સૂચના; સફાઈ અને આરોગ્ય વિષયક કામગીરીની થઇ સમીક્ષા**

નવસારી

નવસારી જિલ્લામાં ભારે વરસાદ અને પૂરની આફત બાદ હવે જનજીવન ઝડપથી પૂર્વવત્ કરવા અને અસરગ્રસ્તો સુધી રાહત પહોંચાડવા માટે વહીવટી તંત્ર યુદ્ધના ધોરણે કામે લાગ્યું છે. આ પરિસ્થિતિની સમીક્ષા કરવા અને કામગીરીને વેગ આપવા માટે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલે નવસારી જિલ્લાના ડિઝાસ્ટર કંટ્રોલ રૂમની સત્તાવાર મુલાકાત લીધી હતી. બંને નેતાઓએ પૂર દરમિયાન થયેલી કામગીરી તેમજ પૂર બાદ હાથ ધરાયેલા રાહત અને બચાવ કાર્યોની તનતોડ સમીક્ષા કરી હતી.

બેઠક દરમિયાન નવસારી જિલ્લા કલેક્ટરશ્રીએ પૂરની પરિસ્થિતિમાં વિવિધ વિભાગોના સંકલનથી હાથ ધરાયેલી કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો:

રેસ્ક્યુ અને સ્થળાંતર: પૂરના પાણીમાં ફસાયેલા નાગરિકોનું સફળ રેસ્ક્યુ ઓપરેશન અને નીચાણવાળા વિસ્તારોમાંથી લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની કામગીરી.

આશ્રયસ્થાનોમાં સુવિધાઓ: અસરગ્રસ્તો માટે બનાવાયેલા આશ્રયસ્થાનોમાં રહેવા, ભોજન, પીવાના શુદ્ધ પાણી સહિતની મૂળભૂત સુવિધાઓની ઉપલબ્ધતા.

## 120 નાગરિકોને પૂરના પાણીમાંથી ઉગારી લેવાયા

# નવસારીના ગણદેવી-અમલસાડમાં NDRFનું સફળ રેસ્ક્યુ ઓપરેશન

નવસારી



નવસારી જિલ્લામાં મેઘરાજાના ભારે તાંડવ વચ્ચે પૂરના પાણીમાં ફસાયેલા નાગરિકો માટે એનડીઆરએફ અને સ્થાનિક વહીવટી તંત્ર દેવદૂત સાબિત થયું છે. જિલ્લાના ગણદેવી અને અમલસાડ વિસ્તારમાં આકાશી આફતના કારણે પૂરની સ્થિતિ સર્જાતા અનેક લોકો પાણીના સકંજામાં ફસાયા હતા. જોકે, એનડીઆરએફની ટીમ અને તંત્રની સમયસૂચકતાને કારણે એક મોટા રેસ્ક્યુ ઓપરેશન પાર પાડીને ૧૨૦ જેટલા નાગરિકોનો જીવ બચાવી લેવાયો છે. ગણદેવી અને અમલસાડ પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતા જ એનડીઆરએફની ૦૬ બટાલિયન અને સ્થાનિક વહીવટી તંત્ર તુરંત જ ગ્રાઉન્ડ ઝીરો પર હરકતમાં આવ્યું હતું. એનડીઆરએફના જવાનોએ પૂરના ધસમસતા પ્રવાહ વચ્ચે બોટ અને આધુનિક સાધનોની મદદથી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું. માત્ર ગણતરીના સમયમાં જ એનડીઆરએફની ટીમે પૂરના પાણીમાં ફસાયેલા કુલ ૧૨૦ નાગરિકોને સહી-સલામત બહાર કાઢ્યા હતા. જેમાં ૪૫ મહિલાઓ, ૩૫ પુરુષો અને ૪૦ નાના બાળકોનો સમાવેશ થાય છે. નાના બાળકો અને મહિલાઓને સુરક્ષિત બહાર કાઢતી વખતે જવાનોની માનવતા અને બહાદુરીના દ્રશ્યો સામે આવ્યા હતા.

## ડાંગમાં આફત સામે તંત્રનો જંગ

# ભારે વરસાદથી થયેલ ભૂસ્ખલન અને માર્ગ અવરોધો ગણતરીના કલાકોમાં દુર કરાયા..

અમદાવાદ

ગુજરાતના એકમાત્ર ગિરિમથક અને આદિવાસી ધરા એવા ડાંગ જિલ્લામાં મેઘરાજાએ તોફાની બેટિંગ શરૂ કરી છે. ડાંગના પહાડી વિસ્તારોમાં પડી રહેલા ભારેથી અતિભારે વરસાદના કારણે અનેક જગ્યાએ ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ) થવાના તેમજ ઝાડ-પથ્થરો રસ્તા પર ધસી આવવાના બનાવો સામે આવ્યા છે. જેને પગલે વાહનવ્યવહાર ખોરવાયો હતો. જોકે, આ કુદરતી આફત વચ્ચે માર્ગ અને મકાન વિભાગે અભૂતપૂર્વ કામગીરી દર્શાવી ગણતરીના કલાકોમાં જ તમામ માર્ગ અવરોધો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કર્યા છે.



ડાંગ જિલ્લામાં વાહનવ્યવહાર સતત કાર્યરત રહે અને લોકો કે પ્રવાસીઓ અટવાઈ ન પડે તે માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઈમરજન્સી ટીમ: પરિસ્થિતિને પહોંચી વળવા માટે ૧૦ વિશેષ ઈમરજન્સી ટીમો તૈનાત કરવામાં આવી છે.

મશીનરીનો ઉપયોગ: માર્ગો પરથી કાટમાળ, માટી અને પથ્થરો હટાવવા માટે ૧૨ જે.સી.બી. અને ૫ ટ્રેક્ટરો સતત ધોરણે કાર્યરત છે.

૧૫૦થી વધુ શ્રમિકો અને ટેકનિકલ સ્ટાફ ૨૪ કલાક રાત-દિવસ જોયા વગર મેદાનમાં રહીને રસ્તાઓ સાફ કરવાની કામગીરી કરી રહ્યો છે. પહાડી વિસ્તારોમાં અચાનક માટી અને મોટા પથ્થરો રસ્તા પર ધસી આવવાને કારણે અનેક મુખ્ય અને આંતરિક માર્ગો બંધ થઈ ગયા હતા. પરંતુ માર્ગ અને મકાન વિભાગની ટીમોએ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચીને ગણતરીના કલાકોમાં જ રસ્તા પરથી કાટમાળ હટાવી વાહનવ્યવહાર પૂર્વવત બનાવ્યો હતો. તંત્રની આ ઝડપી કાર્યવાહીને કારણે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## મધુબન ડેમ તૂટ્યાની અફવાથી અફરાતફરી: ડેપ્યુટી કલેક્ટરે ડેમ પરથી વીડિયો બનાવી કહ્યું, "ડેમ સુરક્ષિત છે, અફવાઓથી બચો"

સેલવાસ/વાપી

દાદરા અને નગરહવેલી વિસ્તારમાં આવેલા વિખ્યાત મધુબન ડેમ તૂટી ગયો હોવાની સનસનાટીભરી અફવા સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર પંથકમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, બનાવની ગંભીરતાને ધ્યાને લઈને તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને અફવાઓનું ખંડન કરીને પ્રજાને રાહત આપી હતી.

મધુબન ડેમ અંગે તીવ્રતાથી ફેલાઈ રહેલી આ ખોટી અફવાને ડામવા માટે સેલવાસના ડેપ્યુટી રેસિડેન્ટ કલેક્ટર અમિત કુમાર પોતે સીધા જ મધુબન ડેમ ખાતે દોડી ગયા હતા. તેમણે સ્થળ પર પહોંચીને ડેમની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી. સ્થિતિ થાળે પાડવા અને લોકોનો ભય દૂર કરવા માટે ડેપ્યુટી રેસિડેન્ટ કલેક્ટર અમિત કુમારે મધુબન ડેમની બિલકુલ સામે ઊભા રહીને એક ખાસ વીડિયો રેકોર્ડ કર્યો હતો. વીડિયોના માધ્યમથી તેમણે દેશ અને પ્રદેશની જનતાને સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે: મધુબન ડેમ સંપૂર્ણપણે સહી-સલામત છે અને તેની સ્થિતિ સામાન્ય છે.

## મરામત કામગીરીને પગલે માર્ગ અને મકાન વિભાગનો નિર્ણય

# સરીતા ફાટક ઓવરબ્રિજ વડોદરાથી ડભોઇ આવતો રોડ 10 દિવસ માટે એકતરફી બંધ રહેશે

ડભોઇ, ફકીરા ખત્રી

વડોદરા-ડભોઈ માર્ગ પરથી પસાર થતા નાના-મોટા વાહનચાલકો અને સ્થાનિક રહીશો માટે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. ડભોઈ સરીતા ફાટક પર આવેલો એલસી-૧૯x (LC-19x) ટુ-લેન ઓવરબ્રિજ પર મરામતની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી આગામી ૧૦ દિવસ માટે વડોદરાથી ડભોઈ આવતો એક તરફનો બ્રિજ વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે.

માર્ગ અને મકાન વિભાગ (ડભોઈ પેટા વિભાગ) દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત મુજબ:

બ્રિજની સુરક્ષા અને જાળવણીના ભાગરૂપે નવીન એક્સપાન્શન જોઈન્ટ (Expansion Joints) ફિટ કરવાની તેમજ જરૂરી મરામતની કામગીરી હાથ ધરવામાં આવશે.



આ ટેકનિકલ કામગીરી દરમિયાન વાહનોની અવરજવર જોખમી બની શકે તેમ હોવાથી સલામતીના કારણોસર બ્રિજને ૧૦ દિવસ સુધી એકતરફી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. કામગીરી દરમિયાન ડભોઈ ટાઉનમાં જતાં અને આવતાં વાહનોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર (ડભોઈ) દ્વારા વિશેષ સૂચનાઓ જારી કરવામાં આવી છે: રોંગ સાઈડ ટ્રાફિક પર રોક: બ્રિજ બંધ હોવાને કારણે ડભોઈ ટાઉનમાં જતાં એપ્રોચ રોડ પરથી કોઈ પણ વાહન વિરૂદ્ધ દિશામાં (Wrong Side) આવીને ટ્રાફિક જામ કે અકસ્માત ન સર્જે, તે માટે યોગ્ય પોલીસ બંદોબસ્ત ગોઠવવા વિનંતી કરાઈ છે.

વહીવટી તંત્રને નકલ: આ અંગેની સત્તાવાર લેખિત જાણ પ્રાંત અધિકારીશ્રી (તાલુકા સેવા સદન, ડભોઈ) તેમજ ડભોઈ પોલીસ સ્ટેશન ખાતે સ્થળ પર ટ્રાફિક નિયંત્રણ અને જરૂરી કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવી છે.

## ઉમરગામના પૂર પ્રભાવિત વિસ્તારોની ગ્રાઉન્ડ ઝીરો પર રૂબરૂ મુલાકાત

# અતિવૃષ્ટિની આપત્તિમાં રાજ્યના દરેક નાગરિકની પડખે ભાજપ સરકાર અને સંગઠન કટિબદ્ધ : પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલ

ઉમરગામ

રાજ્યમાં તાજેતરમાં સર્જાયેલી અતિવૃષ્ટિની કુદરતી આપત્તિ વચ્ચે પ્રજાજનોની વહારે આવવા માટે સરકાર અને સંગઠન બંને યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા છે. આ પરિસ્થિતિમાં અસરગ્રસ્તો સુધી સીધી મદદ પહોંચાડવાના હેતુથી ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલે ઉમરગામ તાલુકાના અતિવૃષ્ટિ પ્રભાવિત વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલે પૂરના પાણીથી પ્રભાવિત થયેલા વિસ્તારો અને ગામોમાં જઈને પરિસ્થિતિનું તાગ મેળવ્યો હતો.



તેમણે સ્થાનિક નાગરિકો સાથે ખુલ્લા મનથી આત્મીય સંવાદ સાધ્યો હતો અને તેમની મુશ્કેલીઓ, ઘર-વખરીના થયેલા નુકસાન તથા પ્રાથમિક જરૂરિયાતો વિશે વિગતવાર જાણકારી મેળવી હતી. સ્થાનિક લોકોએ પણ પોતાની સમસ્યાઓ રજૂ કરી હતી, જેને અધ્યક્ષશ્રીએ સાંત્વનાપૂર્વક સાંભળી હતી.

'અતિવૃષ્ટિની આ મુશ્કેલ ક્ષણોમાં રાજ્યના એક-એક નાગરિકની પડખે ઊભા રહેવા અને તમામ સ્તરે ત્વરિત સહાય પહોંચાડવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર અને સંગઠન પૂરેપૂરી રીતે કટિબદ્ધ છે. કોઈપણ નાગરિક પોતાને એકલો ન સમજે, સંગઠનનો દરેક કાર્યકર્તા અને સરકારનું સમગ્ર તંત્ર પ્રજાની સેવા માટે ખડેપગે છે.' મુલાકાત દરમિયાન જગદીશ પંચાલના હસ્તે અસરગ્રસ્ત પરિવારોને જીવનજરૂરી ચીજવસ્તુઓ, રાશન કિટ્સ અને અન્ય રાહત સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ તેમણે સ્થાનિક વહીવટી તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજીને નીચે મુજબના કામો ત્વરિત ધોરણે કરવા કડક સૂચના આપી હતી:

કેશડોલ્સ અને સબસિડી: અસરગ્રસ્તોને મળવાપાત્ર સરકારી સહાય અને કેશડોલ્સની ચૂકવણી ઝડપથી પૂર્ણ કરવી.

આરોગ્ય અને સ્વચ્છતા: પૂરના પાણી ઓસર્યા બાદ રોગચાળો ન ફેલાય તે માટે દવાનો છંટકાવ અને આરોગ્ય વિષયક સેવાઓ તાત્કાલિક શરૂ કરવી.

## માછણ ડેમ માત્ર જળાશય નહીં, ઝાલોદની પાણીની સુરક્ષાનો આધાર

# ઝાલોદ તાલુકાની જીવાદોરી સમાન માછણ ડેમમાં પાણીની સપાટીમાં નોંધપાત્ર વધારો થયો

### ગુજરાતભરમાં મેઘમહેર વચ્ચે ઝાલોદ તાલુકામાં પણ વરસાદની ગતિમાં વધારો : ડેમ 50.41 ટકા ભરાયો, નવા નીરની આશાએ નગરજનોની નજર

ઝાલોદ, પંકજ પંડિત

ગુજરાતભરમાં હાલ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી જોવા મળી રહી છે. રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે નદીઓ, નાળા અને જળાશયોમાં નવા નીરની આવક શરૂ થઈ છે. અનેક વિસ્તારોમાં ભારે વરસાદને પગલે એલર્ટ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, ત્યારે ઝાલોદ તાલુકામાં મેઘરાજા જાણે રિસાઈ-રિસાઈને વરસી રહ્યા હોય તેમ વરસાદની ગતિ જોવા મળી રહી છે. જોકે, છેલ્લા દિવસોમાં પડેલા વરસાદને પગલે ઝાલોદ તાલુકાની જીવાદોરી સમાન માછણ ડેમની સપાટીમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

સરકારી માહિતી મુજબ હાલમાં માછણ ડેમમાં 50.41 ટકા જેટલું સ્ટોરેજ નોંધાયું છે. વરસાદની ઋતુ શરૂ થાય તે પહેલાં માછણ ડેમની સપાટી અંદાજે 270 મીટર આસપાસ હતી, જે હાલ વધીને આશરે 274.50 મીટર સુધી પહોંચી હોવાનું જાણવા મળે છે. માછણ ડેમની પૂર્ણ જળસપાટી 277.640 મીટર છે. એટલે કે ડેમ હજુ પોતાની મહત્તમ સપાટીથી નીચે છે, પરંતુ પાણીની સપાટીમાં થયેલો વધારો ઝાલોદ તાલુકાના ખેડૂતો, નગરજનો અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે ચોક્કસપણે રાહતરૂપ બન્યો છે. માછણ ડેમ ઝાલોદ તાલુકા માટે માત્ર એક જળાશય નથી, પરંતુ આ વિસ્તારની પાણીની જરૂરિયાતો અને ભવિષ્યની જળસુરક્ષાનો મહત્વપૂર્ણ આધાર છે. વરસાદી સિઝનમાં ડેમમાં સંગ્રહાતું પાણી ખેતી, પીવાના પાણી અને અન્ય વિવિધ જરૂરિયાતો માટે મહત્વપૂર્ણ બની રહે છે.


ઝાલોદ તાલુકો ખેતીપ્રધાન વિસ્તાર હોવાથી વરસાદની અનિશ્ચિતતા સીધી રીતે ખેડૂતોના જીવન અને ખેતીના ઉત્પાદનને અસર કરે છે. આવી સ્થિતિમાં માછણ ડેમમાં પૂરતો જળસંગ્રહ થાય તો માત્ર હાલની સિઝનની જ નહીં, પરંતુ આવનારા સમયની પાણીની જરૂરિયાતો માટે પણ મોટી રાહત મળી શકે છે. માછણ ડેમમાં પાણીની સપાટી વધતા ખેડૂતોમાં પણ આશા જાગી છે.

# અમરેલી જિલ્લામાં આકાશી આફતથી જળબંબાકાર! લીલિયામાં નાવલી નદીનું પાણી દુકાનોમાં ઘૂસ્યું

અમરેલી

અમરેલી જિલ્લામાં મેઘરાજાએ તાંડવ મચાવતાં સમગ્ર પંથકમાં આકાશી આફત જેવી સ્થિતિ સર્જાઈ છે. મુસળધાર વરસાદને કારણે નદી-નાળાં બે કાંઠે ઉભરાઈ રહ્યાં છે અને ચારેય તરફ જળબંબાકારના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. જળબંબાકારની આ સ્થિતિમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને અનેક ગામડાઓનો સંપર્ક મુખ્ય મથકથી કપાઈ ગયો છે. લીલિયા પંથકમાં પડેલા ભારે વરસાદને કારણે સ્થાનિક નાવલી નદીમાં ઘોડાપૂર આવ્યું છે. નદીના પાણી ગામ તરફ વળી જતાં લીલિયાના મુખ્ય બજારો અને નિચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર થયો છે. પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે જોતજોતામાં રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા. બજારમાં આવેલી અનેક દુકાનોમાં પાણી ઘૂસી જતાં વેપારીઓને મોટો આર્થિક ફટકો પડ્યો છે. દુકાનોમાં રાખેલો માલ-સામાન પલળી જતાં વેપારીઓ લાચાર બની પાણી ઉતરવાની રાહ જોઈ રહ્યા છે. જિલ્લામાં વહેતા પાણીના ધસમસતા પ્રવાહ વચ્ચે અનેક જગ્યાએ જોખમી દ્રશ્યો સામે આવ્યા છે. દાડમા ગામ નજીકથી પસાર થઈ રહેલો એક બાઈકચાલક પાણીના ભારે પ્રવાહમાં તણાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિક લોકો અને રાહત ટુકડીએ સમય સૂચકતા વાપરીને તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી અને તણાઈ રહેલા બાઈકચાલકને ભારે જહેમત બાદ સલામત રીતે બહાર કાઢી તેનો જીવ બચાવી લીધો હતો.

# સુરતમાં ખાડીના પૂરથી ભયાનક તારાજી : 500થી વધુ વાહનો ડૂબ્યા



### ખાડી ઓવરફ્લો થતાં અનેક વિસ્તારો જળમગ્ન, ડ્રોન વીડિયોમાં તારાજીના ભયાનક દ્રશ્યો કેદ, જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત

સુરત

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતમાં મેઘરાજાના ભારે તાંડવ અને ઉપરવાસમાંથી આવેલા પાણીના કારણે ખાડીપૂરે ભારે વિનાશ વેર્યો છે. સુરત શહેરના નીચાણવાળા વિસ્તારોમાં ખાડીના પાણી ફરી વળતાં જળબંબાકારની ભયાનક સ્થિતિ સર્જાઈ છે. પૂરના પાણી એટલી ઝડપે વિસ્તારોમાં ઘૂસ્યા કે લોકોને સામાન કે વાહનો ખસેડવાનો પણ સમય મળ્યો ન હતો. પરિણામે શહેરના કમરુનગર સહિતના વિસ્તારોમાં ગળાડૂબ પાણી ભરાઈ જતાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સુરતમાં સર્જાયેલી આ ખાડીપૂરની આફતના ચોંકાવનારા ડ્રોન વીડિયો સામે આવ્યા છે, જે તારાજીની ભયાનકતા છતી કરે છે: ખાડીપૂરના કારણે વિસ્તારોમાં સોસાયટીઓ અને મુખ્ય રસ્તાઓ પર પાર્ક કરેલી ૫૦૦થી વધુ ફોર વ્હીલર અને ટુ-વ્હીલર ગાડીઓ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગઈ છે. આકાશી કેમેરામાં કેદ થયેલા દ્રશ્યોમાં આખું કમરુનગર અને આસપાસનો વિસ્તાર એક વિશાળ સરોવરમાં ફેરવાઈ ગયો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. મકાનોના ગ્રાઉન્ડ ફ્લોર પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

# ડભોઇ: ખાનગી કંપનીની બેદરકારીથી સર્જાયેલી દુર્ઘટના ટળી, વ્હોટ્સએપના એક ફોટાએ બચાવ્યો ગાયનો જીવ

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઇ નગરમાં ખાનગી કંપનીઓની બેદરકારીને કારણે વહેલી સવારે એક મોટી દુર્ઘટના સર્જાતા સહેજમાં અટકી ગઈ હતી. મહેતા પાર્ક પાસે વરસાદી પાણીથી ભરેલા એક ઊંડા ખાડામાં એકાએક ગાય ખાબકી હતી. જોકે, એક જાગૃત નાગરિક દ્વારા વ્હોટ્સએપ પર શેર કરાયેલા ફોટા અને ડભોઇ નગરપાલિકાની ત્વરિત કામગીરીથી ગાયને સહી-સલામત બહાર કાઢી જીવતદાન આપવામાં આવ્યું છે. ડભોઇ નગરના વિવિધ વિસ્તારોમાં ખાનગી કંપનીઓ દ્વારા કામગીરી અર્થે મોટા ખાડાઓ ખોદવામાં આવ્યા છે. પરંતુ કામગીરી બાદ પૂરતી તકેદારી ન રખાતા તે જીવલેણ સાબિત થઈ રહ્યા છે.



વરસાદી પાણીથી ભ્રમ: ચોમાસાની સિઝન હોવાથી મહેતા પાર્ક પાસે ખોદાયેલા આ ખાડામાં વરસાદી પાણી ભરાઈ ગયું હતું.

અકસ્માત: પાણી ભરાયેલું હોવાથી જમીન સપાટ હોવાનો ભ્રમ ઊભો થયો અને ખાડાની ઊંડાઈનો અંદાજ ન આવતા, વહેલી સવારે ત્યાંથી પસાર થતી એક ગાય અચાનક તેમાં ખાબકીને ઊંડા કાદવ-પાણીમાં ફસાઈ ગઈ હતી.

## તંત્રી લેખ...

# 'પેપરલીક અને પોલિટિક્સ અલગ વિષય છે' એવું જ્ઞાન પીરસતા મહારથીઓ, આ વાંચો! યુવાનોનો આક્રોશ પોલિટિક્સ નથી, ભ્રષ્ટ તંત્ર અને ખાખી સત્તા સામેનો આખરી મહાસંગ્રામ છે


### વર્ષો સુધી સંવાદના તમામ દરવાજા ખટખટાવ્યા બાદ, હક્ક અને આશા સાથે રસ્તા પર ઉતરેલા નિર્દોષ યુવાધન પર પડી અમાનુષી, ક્રૂર લાઠીઓ

દેશ અને રાજ્યમાં જ્યારે પણ કોઈ પેપરલીકની મહા-આફત આવે છે, જ્યારે જ્યારે લાખો ગરીબ અને મધ્યમ વર્ગના યુવાનોના ભવિષ્યનો બલી ચડાવાય છે, ત્યારે અચાનક જ એસી રૂમમાંથી બહાર નીકળીને કેટલાક 'મહારથીઓ', 'રાજકીય વિશ્લેષકો' અને સત્તાના ચારણો એક જ્ઞાન પીરસવા મંડી પડે છે. તેઓ બહુ પ્રેમથી વ્યાખ્યાઓ આપે છે કે– 'જુઓ ભાઈ, પેપરલીક એ સિસ્ટમનો વિષય છે અને પોલિટિક્સ એ અલગ વિષય છે. વિદ્યાર્થીઓએ આમાં રાજકારણ ન લાવવું જોઈએ, આંદોલનકારીઓએ રસ્તા પર ન ઉતરવું જોઈએ.'

આવા જ્ઞાનીઓ અને સિસ્ટમની ગુલામી કરતા બુદ્ધિજીવીઓને એ કોણ સમજાવે કે આ દેશનો યુવાન કંઈ એક રાતમાં, કોઈ નવરાશના કારણે કે કોઈ રાજકીય પક્ષના ઉશ્કેરાટથી રસ્તા પર નથી ઉતરી આવ્યો! આ એ જ કમનસીબ છોકરા-છોકરીઓ છે, જેઓ છેલ્લા અનેક વર્ષોથી આ ભ્રષ્ટ તંત્ર, પેપરલીકના માફિયાઓ, ભ્રષ્ટ પોલીસ અને નિષ્ક્રિય પ્રશાસન સામે ન્યાયની ભીખ માંગી રહ્યા હતા.

૧. સંવાદ અને સમાધાનના તમામ દરવાજા વાસી દેવાયા!

જે લોકો આજે યુવાનોના રસ્તા પર ઉતરવાને 'રાજકારણ'નું નામ આપીને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેઓ એ



વાત કેમ ભૂલી જાય છે કે આ જ વિદ્યાર્થીઓએ પહેલા શાંતિપૂર્ણ અને કાયદાકીય માર્ગો અપનાવ્યા હતા?

આવેદનપત્રો અને કાગળની હોડીઓ: આ વિદ્યાર્થીઓએ દરેક કલેક્ટર કચેરીએ, દરેક મંત્રીના બંગલે અને અધિકારીઓના દરવાજે હજારો આવેદનપત્રો આપ્યા. વિનંતીઓ કરી, ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનો કર્યા અને સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ ચલાવ્યા. બદલામાં શું મળ્યું? માત્ર લૂલા આશ્વાસનો, પોકળ કમિટીઓ અને કાગળ પરની તપાસો!

અહંકારથી ભરેલું મૌન: સત્તાધીશો કે ઉચ્ચ અધિકારીઓએ ક્યારેય આ છોકરાઓ સાથે એક મેજ પર બેસીને સન્માનપૂર્વક સંવાદ કરવાની કે કાયમી ચુસ્ત કાયદો બનાવી સમાધાન લાવવાની તસ્દી ન લીધી. જ્યારે સંવાદના તમામ દરવાજા તંત્રના અહંકાર સામે બંધ થઈ ગયા, ત્યારે મજબૂર થઈને આ યુવાનો રસ્તા પર ઉતરવા માટે બાધ્ય બન્યા.

૨. આશા સાથે રસ્તા પર આવ્યા અને બદલામાં મળી 'અમાનુષી લાઠીઓ'!

રસ્તા પર ઉતરેલા આ લોકો કોઈ ભાડાના આંદોલનકારીઓ કે પ્રોફેસનલ નેતાઓ નથી. આ એ સામાન્ય પરિવારના છોકરા-છોકરીઓ છે, જેઓ ગામડાઓમાંથી ૧૦x૧૦ ની ખોલીઓમાં આવીને, એક ટાણું ખાવાનું છોડીને, દિવસ-રાત એક કરીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા હતા.

આશાનો ચહેરો: એમની આંખોમાં પોતાના પરિવારને ગરીબીમાંથી બહાર કાઢવાનું સ્વપ્ન હતું. તેઓ રસ્તા પર એ આશા સાથે આવ્યા હતા કે કદાચ જનતાનો અવાજ જોઈને સત્તાધીશોનું દિલ પીગળશે અને તેમને ન્યાય મળશે.

ખાખીનો ભયાનક અસલી ચહેરો: પણ આ ભ્રષ્ટ અને સંવેદનહીન તંત્રે એ આશાના બદલામાં શું આપ્યું? પોલીસની નિર્દય, ક્રૂર લાઠીઓ, ઘોડાપૂર જેવા વોટર કેનન અને અમાનુષી બળપ્રયોગ!

પોતાની મહેનતનો હક્ક માંગતા નવજુવાનો પર ખાખી વર્દીધારીઓએ એવી રીતે દંડા વસાવ્યા જાણે તેઓ દેશના કોઈ રીઢા આતંકવાદીઓ કે ગુનેગારો હોય! છોકરાઓના માથા ફૂટ્યા, બહેનો-બેટીઓના કપડાં ફાટ્યા, હાથ-પગ ભાંગ્યા અને તેમના વર્ષોના સપનાઓને રસ્તાની ધૂળમાં રઝળાવવામાં આવ્યા.

૩. પેપરલીક પોલિટિક્સ નથી તો શું છે?

જે મહારથીઓ પેપરલીકને 'અરાજકીય' મુદ્દો ગણાવે છે, તેમને આ સણસણતા સવાલોના જવાબો આપવા પડશે:

માફિયાઓને કોની છત્રછાયા?: જ્યારે પેપરલીકના માસ્ટરમાઈન્ડ્સ, બિહારી બિજેન્દ્ર ગુપ્તા જેવા માફિયાઓ અને પ્રિન્ટિંગ પ્રેસના દલાલો વગર કોઈ ડરે કરોડોનો કાળો કારોબાર કરે છે અને તેમને ઉચ્ચ નેતાઓ કે અધિકારીઓની છત્રછાયા મળે છે, ત્યારે એ પોલિટિક્સ નથી?

વોટબેંકનો સૌથી મોટો ખેલ: જ્યારે ચૂંટણીઓ આવે ત્યારે યુવાનોને લાખો નોકરીઓના ઝગમગતા સપના બતાવીને સ્ટેજ પરથી ભાષણો આપી વોટ વસૂલવામાં આવે છે અને ચૂંટણી પત્યા પછી પેપરલીકના નામે પરીક્ષાઓ રદ્દ કરાય છે, ત્યારે એ પોલિટિક્સ નથી?

બંધારણીય અધિકાર: દેશ કે રાજ્યની શિક્ષણ અને રોજગાર નીતિઓ નક્કી કરવાનું કામ ચ ચૂંટાયેલી સરકારોનું છે. જો એ નીતિઓ ભ્રષ્ટ હોય, જો પરીક્ષા પદ્ધતિ જ સડી ગઈ હોય, તો સરકાર સામે અવાજ ઉઠાવવો એ રાજકારણ નથી, પણ લોકશાહીમાં નાગરિકનો અને યુવાનોનો બંધારણીય અધિકાર છે.

### 'પાક્કો ગુજરાત ન્યૂઝ'નો તાકાતવર પડકાર

જે મહારથીઓ આજે એરકન્ડિશન્ડ સ્ટુડિયોમાં બેસીને કે કાગળ પર લેખો લખીને યુવાનોને 'સંયમ' રાખવાની કે 'રાજકારણ ન કરવાની' મફત સલાહ આપી રહ્યા છે, તેઓએ એકવાર એ હોસ્પિટલના બેડ પર પડેલા અને લાઠીઓ ખાનારા યુવાનોના મા-બાપની આંખોમાં જોવું જોઈએ. એ બાપના આંસુ જોવા જોઈએ જેણે પોતાના દીકરાને ભણાવવા માટે ખેતર ગીરો મૂક્યું હતું!

આ યુવાધનનો આક્રોશ એ કોઈ રાજકીય પાર્ટીનો એજન્ડા નથી, પરંતુ વર્ષોથી ભીતર સળગતા અન્યાય, ભ્રષ્ટાચાર, બેરોજગારી અને લાચારીનો જ્વાળામુખી વિસ્ફોટ છે.

તંત્ર અને સરકારો કાન ખોલીને સાંભળી લે: જો તમે લાઠીઓ, જેલ અને પોલીસના જોરે આ જાગેલા અવાજને દબાવવાની કોશિશ કરશો, તો યાદ રાખજો કે આ જ યુવાનો આવનારા સમયમાં પોતાના વોટ, તાકાત અને સિંહગર્જનાથી તમારા અહંકારી સત્તાના સિંહાસનોને મૂળમાંથી ઉખાડીને ફેંકી દેશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# જેઓ એક સમયે પેપર લીક સામે લાઠીચાર્જમાં ઘાયલ થયા હતા, આજે એ જ ધર્મેન્દ્ર પ્રધાનની રાજીનામા સુધીની સફર!

પાક્કો ગુજરાત, વિશેષ અહેવાલ:

સમયનું ચક્ર પણ કેવું અજીબ પરિભ્રમણ કરે છે! જે નેતાએ પોતાના યુવાનીના દિવસોમાં યુવાનોના હક માટે અને પેપર લીકની ધાંધલી સામે રસ્તા પર ઉતરીને પોલીસની લાઠીઓ ખાધી હતી, આજે એ જ નેતા દેશના શિક્ષણ મંત્રી તરીકે પેપર લીકના મુદ્દે ચોતરફથી ઘેરાયા અને આખરે રાજીનામાની નોબત સુધી પહોંચવું પડ્યું.

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના જીવનનો આ વળાંક આજે સમગ્ર દેશમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. ગઈકાલનો એક ક્રાંતિકારી વિદ્યાર્થી નેતા અને આજનો શિક્ષણ મંત્રી–આ બંને વચ્ચેની વિડંબના લોકશાહીની કડવી વાસ્તવિકતા બતાવે છે.



### સંઘર્ષના દિવસો: જ્યારે પેપર લીક સામે રસ્તા પર લોહી વહાવ્યું હતું

ધર્મેન્દ્ર પ્રધાનનો રાજકીય પાયો કોઈ વિરાસતમાં નહીં પણ વિદ્યાર્થી આંદોલનોની ભઠ્ઠીમાં નંખાયો હતો.

૧૯૯૦ના દાયકામાં ઓડિશામાં વિદ્યાર્થી સંગઠન સાથે જોડાઈને તેમણે શિક્ષણ ક્ષેત્રના ભ્રષ્ટાચાર સામે બુલંદ અવાજ ઉઠાવ્યો હતો.

એ સમયે રાજ્યમાં વિવિધ ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીક થવાના વિરોધમાં તેમણે યુવાનોને એકઠા કરીને મોટું વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે લડતી વખતે તત્કાલીન સરકારની પોલીસ દ્વારા કરવામાં આવેલા નિર્મમ લાઠીચાર્જમાં ધર્મેન્દ્ર પ્રધાન ગંભીર રીતે ઘાયલ પણ થયા હતા.

એ સમયે તેઓ એક એવા યુવા ચહેરા તરીકે ઊભર્યા હતા જે સિસ્ટમના ભ્રષ્ટાચાર સામે રસ્તા પર ઉતરીને લડવાની તાકાત રાખતા હતા.

### સત્તાનું શિખર અને કૌભાંડોનો વંટોળ

વર્ષોની રાજકીય સફર બાદ ધર્મેન્દ્ર પ્રધાન દેશના શિક્ષણ મંત્રાલયના સર્વોચ્ચ પદ સુધી પહોંચ્યા. પરંતુ કુદરતનો ખેલ તો જુઓ! જે 'પેપર લીક' અને 'પરીક્ષામાં ગેરરીતિ'ના મુદ્દે લડીને તેઓ નેતા બન્યા હતા, આજે એ જ મુદ્દો તેમના મંત્રીકાળનો સૌથી મોટો ડાઘ બની ગયો.

NEET અને UGC-NET જેવી દેશની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાં સામે આવેલા કૌભાંડો અને ગેરરીતિઓએ દેશના લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અને તેમની વર્ષોની મહેનત દાવ પર લગાડી દીધા.

જે યુવાનો માટે એક સમયે તેઓ પોતે લાઠીઓ ખાતા હતા, આજે એ જ યુવાનો તેમના મંત્રાલય સામે રોડ પર ઉતરી આવ્યા.

વિપક્ષ અને વિદ્યાર્થી સંગઠનોના ભારે આક્રોશ અને નૈતિક દબાણ સામે શિક્ષણ મંત્રાલય ઘેરાઈ ગયું.

### આંદોલનકારીથી રાજીનામા સુધીની સફર

જે વ્યક્તિ પોતે આંદોલનની ભઠ્ઠીમાં તપીને બહાર આવી હોય, તેની પાસે દેશના યુવાનોની અપેક્ષાઓ હંમેશાં વધુ હોય છે.

પરંતુ સત્તાની કુરશી પર બેઠા પછી 'સિસ્ટમ'નો સુધારો કરવામાં નિષ્ફળ જવું કે જવાબદારીમાંથી છટકવું એ પ્રજાને ક્યારેય સ્વીકાર્ય હોતું નથી.

પેપર લીકના વિરોધમાં લોહી વહાવનાર નેતાથી શરૂ થયેલી પ્રવાસ આજે પોતાની જ મશીનરીની નિષ્ફળતાના કારણે રાજીનામા સુધી પહોંચી ગયો.

આ ઘટનાએ સાબિત કરી દીધું કે સત્તા પર બેસીને નિર્ણયો લેવા અને રસ્તા પર ઉતરીને વિરોધ કરવો–આ બંને વચ્ચે બહુ મોટો તફાવત હોય છે.

# પેપર ફૂટ્યા છે, પણ શું આપણી સભ્યતા અને અસહિષ્ણુતાનો બંધ નદીમાં વહી ગયો છે?

ગઈકાલે એક કેફેમાં ખૂબ જ રસપ્રદ અને આંખ ઉઘાડનારો કિસ્સો બન્યો. ચાર-પાંચ મિત્રો સાંજના સમયે કોફીની ચુસ્કી સાથે વાતે વળગ્યા હતા. વાત-વાતમાં દેશના રાજકારણ અને તાજેતરના વિવાદોનો મુદ્દો નીકળ્યો.

### એક મિત્રે સહજતાથી કહ્યું કે, "મોદી જે કરે છે એ બરાબર કરે છે."

તુરંત જ બીજા મિત્રે વળતો પ્રહાર કરતા કહ્યું, 'અરે ગાંડા, તું તો સાલો અંધ મોદી ભક્ત છે!'

ત્રીજાએ ચર્ચામાં ઝંપલાવતા કહ્યું, 'પણ આ રીતે વિરોધ કરતા યુવાનો પર લાઠીચાર્જ થોડી કરાય?'

ચોથાએ સામે દલીલ કરી, 'યુવાનોના હાથમાં પથ્થર હતા, એમણે પોલીસની જીપ પર પથ્થરમારો કરેલો તે જોયેલું?'

આ સાંભળીને પાંચમા મિત્રે સીધો વ્યક્તિગત આરોપ લગાવી દીધો, 'સરકારે તને કેટલા રૂપિયામાં ખરીદી લીધો છે?'

આટલું બોલાતા જ વાતાવરણ ગરમ થઈ ગયું. ગાળાગાળીથી શરૂ થયેલી વાત જોતજોતામાં મારામારી સુધી પહોંચી ગઈ. જે લોકો કેફેમાં દાખલ થયા ત્યારે જીગરી દોસ્ત હતા, તે બહાર નીકળ્યા ત્યારે એકબીજાની નજરમાં એક દલાલ હતો, એક ગુંડો હતો અને બાકીના બધા બુદ્ધિહીન સાબિત થઈ ચૂક્યા હતા!

આ માત્ર એક કેફેની વાત નથી. આ દ્રશ્ય આજે આપણા સમગ્ર સમાજનું પ્રતિબિંબ છે.

આજના સમાજનું વાસ્તવિક ચિત્ર

દેશમાં લગભગ બધે જ અત્યારે આવું વિષમ વાતાવરણ જોવા મળી રહ્યું છે.

ચાની કિટલી હોય કે મોંઘા કેફે,
મિત્રોની પંચાત હોય કે ફેમિલી ગેધરિંગ,

### ફેસબુક અને ટ્વિટરની સોશિયલ મીડિયા વોલ હોય કે વોટ્સએપ ગ્રુપ...

દરેક જગ્યાએ લોકોને માત્ર પોતાનો મત જ રજૂ કરવો છે. પોતાનો વિચાર જ શ્રેષ્ઠ છે એવું સાબિત કરવું છે. પરંતુ સામે વાળી વ્યક્તિનો મત પોતાનાથી અલગ હોઈ શકે, તેનો દ્રષ્ટિકોણ ભિન્ન હોઈ શકે - આ સામાન્ય વાતનો સ્વીકાર કરવાની ક્ષમતા આપણે ખોઈ બેઠા છીએ.

### અસહિષ્ણુતાનું રાજીનામું ક્યારે?

જ્યારે કોઈ ગંભીર મુદ્દો બને કે પેપર લીક થાય, ત્યારે લોકો તુરંત જ મંત્રી કે પ્રધાનનું રાજીનામું માંગવા લાગે છે. ફાઈન... વિરોધ કરવો અને રાજીનામું માંગવું એ તમારો અધિકાર છે, માંગવું જ જોઈએ. પરંતુ એ પહેલાં આપણે પોતાની અંદર ડોકિયું કરીને પૂછવું જોઈએ કે - આપણે આપણી પોતાની અસહિષ્ણુતાનું રાજીનામું ક્યારે આપીશું?

જો દિલ્હી કે ગાંધીનગરમાં બેઠેલા નેતાઓ સરમુખત્યાર હશે, તો એમને ચૂંટણી અને લોકશાહીની તાકાતથી હરાવી શકાશે. પણ શેરી-મોહલ્લા અને રસ્તાઓ પર ફરી રહેલા આ નાના-નાના સરમુખત્યારોનું આપણે શું કરીશું? જે લોકો મંચ પરથી કે સોશિયલ મીડિયા પર લોકશાહીની મોટી-મોટી વાતો કરે છે, તે પોતે જ પોતાના અંગત જીવનમાં કે વિચારસરણીમાં કટ્ટર સરમુખત્યાર બની ગયા છે.

### સાચી લોકશાહી એટલે શું?

અમે વારંવાર ભૂલી જઈએ છીએ કે લોકશાહીનો સાચો અર્થ શું છે:

૧. લોકશાહી એટલે ફક્ત પોતાની વાત રજૂ કરવાની કે બોલવાની આઝાદી નથી.

૨. લોકશાહી એટલે મને જે પસંદ નથી, મને જે સ્વીકાર્ય નથી, અથવા જે મારા વિચારોથી તદ્દન વિરુદ્ધ છે - એવી વાત પણ સામે વાળી વ્યક્તિ મુક્તપણે કહી શકે અને હું તેને શાંતિથી સાંભળી શકું, તે સ્વીકૃતિનું નામ લોકશાહી છે.

આપણે પેપર ફૂટવા પર ગુસ્સો વ્યક્ત કરીએ છીએ, પણ આપણા પોતાના સ્વભાવમાંથી જે સભ્યતા, વિવેક અને સંસ્કાર ફૂટી રહ્યા છે, તેનું શું?

જો દેશને બચાવવો હોય અને સમાજમાં શાંતિ જાળવવી હોય, તો રાજકીય પક્ષોથી ઉપર ઊઠીને પહેલાં આપણે પોતે બીજાના વિચારો પ્રત્યે ઉદાર બનવું પડશે. વિચારોનો મતભેદ હોઈ શકે, પણ મનભેદ અને હિંસા ક્યારેય ઉકેલ ન બની શકે.

તમારા વિચારોથી અસહમત થતી વ્યક્તિ તમારો દુશ્મન નથી, એ પણ આ જ દેશનો નાગરિક છે - આ સરળ સત્ય જો આપણે સમજી જઈશું, તો જ આપણી લોકશાહી સાચા અર્થમાં જીવંત રહેશે.

# લદ્દાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકને હોસ્પિટલ શિફ્ટ કરવા મુદ્દે મોટો વિવાદ

## દિલ્હી હાઈકોર્ટની મંજૂરી છતાં પોલીસ અને પ્રશાસને રોક્યાનો આરોપ!



પાક્કો ગુજરાત, નવી દિલ્હી

લદ્દાખના જાણીતા સામાજિક કાર્યકર અને પર્યાવરણવિદ સોનમ વાંગચુકની તબિયત અને તેમની સારવારને લઈને રાજધાની દિલ્હીમાં મોટો વિવાદ ઊભો થયો છે. દિલ્હીની સફદરજંગ હોસ્પિટલમાંથી તેમને વધુ સારવાર માટે મેદાંતા હોસ્પિટલમાં શિફ્ટ કરવાના પ્રયાસ દરમિયાન પોલીસ અને હોસ્પિટલ પ્રશાસન દ્વારા અટકાવવામાં આવ્યા હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

### હાઈકોર્ટની મંજૂરી છતાં રોકવાનો આક્ષેપ

મળતી માહિતી મુજબ, સોનમ વાંગચુકની બગડતી તબિયતને ધ્યાનમાં રાખીને દિલ્હી હાઈકોર્ટ દ્વારા તેમને અન્ય સ્પેશિયાલિટી હોસ્પિટલ એટલે કે મેદાંતામાં શિફ્ટ કરવાની સ્પષ્ટ મંજૂરી આપવામાં આવી હતી. આમ છતાં, જ્યારે તેમને લઈ જવામાં આવી રહ્યા હતા ત્યારે સફદરજંગ હોસ્પિટલ પ્રશાસન અને દિલ્હી પોલીસ દ્વારા તેમને રોકવામાં આવ્યા હોવાનો દાવો વાંગચુકના સમર્થકો અને વકીલો દ્વારા કરવામાં આવ્યો છે.

### સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ

હોસ્પિટલ પરિસરમાં બનેલી આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં વાંગચુકના સમર્થકો અને પોલીસ-પ્રશાસન વચ્ચે તીખી બહેસ થતી જોઈ શકાય છે. સમર્થકોનો આક્ષેપ છે કે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને વાંગચુકને યોગ્ય અને શ્રેષ્ઠ સારવારથી વંચિત રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### વિરોધ અને ચિંતાનો માહોલ

લદ્દાખના અધિકારો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ માટે સતત અવાજ ઉઠાવતા સોનમ વાંગચુકના સ્વાસ્થ્યને લઈને લદ્દાખથી લઈને દિલ્હી સુધી તેમના સમર્થકોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. દિલ્હી હાઈકોર્ટના આદેશ છતાં શિફ્ટિંગમાં ઊભા કરાયેલા અડચણોને પગલે પ્રશાસનની ભૂમિકા સામે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

# વિશ્વમાં 64 કરોડ લોકો ભૂખનો સામનો કરવા મજબુર

આજે વિશ્વભરમાં પહેલા કરતા વધુ ખાદ્ય કૃષિ પદાર્થો પેદા થઈ રહ્યા છે. તેમ છતા કરોડો લોકો ભુખમરો અને કુપોષણનો સામનો કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં જ જાહેર કરાયેલી એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે માર્કેટમાં ખાદ્ય અન્ન ઉપસ્થિત છે પરંતુ તેમ છતા કરોડો લોકોની થાળીમાં પૌષ્ટિક ભોજન નથી પહોંચી રહ્યું, સ્વાસ્થ્ય માટે સારા ભોજનને મેળવવા પાછળનો ખર્ચો આઠ વર્ષમાં ૪૫ ટકા વધી ગયો છે. સંયુક્ત રાષ્ટ્રની સ્ટેટ ઓફ ફૂડ સિક્યોરિટી એન્ડ ન્યુટ્રિકશન ઈન વર્લ્ડ ૨૦૨૬ની રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦૨૫ના આંકડા મુજબ દુનિયાભરમાં ૬૪.૫ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે. આ સંખ્યા ૨૦૨૨ની સરખામણીએ ૪.૩ કરોડ અને ૨૦૨૪ની સરખામણીએ ૧.૪ કરોડ ઓછી થઈ છે. તેમ છતા વિશ્વભરમાં આશરે ૭.૮ ટકા વસતી હાલ પણ ભૂખમરાનો સામનો કરી રહી છે. જેમાં આફ્રિકા હાલ એશિયાથી આગળ નીકળી ગયું છે. એટલે કે એશિયન દેશો કરતા આફ્રિકન દેશોમાં ભૂખમરો વધુ છે. આફ્રિકામાં આશરે ૩૦.૯ કરોડ લોકો ભૂખમરાનો સામનો કરી રહ્યા છે જે ત્યાંની કુલ વસતીના ૨૦ ટકા લોકો છે, જેના પરથી સ્પષ્ટ થાય છે કે વૈશ્વિક સ્તર પર ખાદ્ય સુરક્ષા સામેના પડકારો હજુ ઘણા છે.



પાક્કો ગુજરાત

રવિવાર I 26 જુલાઈ 2026 I અમદાવાદ

# ઝાલોદમાં I.P. મિશન સ્કૂલ બહાર અધૂરી બ્લોક કામગીરીથી બાળકોની સુરક્ષા જોખમમાં

## ■ એક વર્ષથી વધુ સમયથી અધૂરું કામ યથાવત્ : છેલ્લા 15 દિવસથી રજૂઆતો છતાં પાલિકાના ગોળ-ગોળ જવાબો

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ શહેરમાં આઈ.પી. મિશન સ્કૂલની બહાર નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી બ્લોક પેવિંગની કામગીરી એક વર્ષથી વધુ સમયથી અધૂરી હાલતમાં પડી રહી છે. ચોમાસાની ઋતુમાં આ અધૂરી કામગીરીના કારણે શાળાએ આવતા-જતા બાળકો લપસી પડીને ઈજાગ્રસ્ત થવાની તેમજ હાઈવે માર્ગ પર સતત પસાર થતા વાહનોને કારણે અકસ્માત સર્જાવાની ભીતિ ઊભી થઈ છે.





આઈ.પી. મિશન સ્કૂલની બહાર નગરપાલિકા દ્વારા બ્લોક પેવિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરી અધૂરી છોડી દેવામાં આવી હોવાના આક્ષેપો વચ્ચે એક વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં કામગીરી પૂર્ણ કરવામાં આવી નથી. શાળા સંચાલન દ્વારા અધૂરી કામગીરી પૂર્ણ કરવા માટે છેલ્લા 15 દિવસથી નગરપાલિકામાં સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. તેમ છતાં કામગીરી પૂર્ણ કરવાના બદલે પાલિકા તંત્ર દ્વારા ગોળ-ગોળ જવાબો આપવામાં આવતા હોવાના આક્ષેપો વચ્ચે સમસ્યા યથાવત્ છે.

શાળાની બહાર હાઈવે માર્ગ આવેલો હોવાથી અહીં સતત વાહનોની અવરજવર રહે છે. બીજી તરફ શાળામાં મોટી સંખ્યામાં બાળકો આવતા-જતા હોવાથી અધૂરી બ્લોક કામગીરી અને ચોમાસાના કાદવ-પાણીના કારણે બાળકોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા થયા છે.

બાળકોના હિત અને સુરક્ષાને ધ્યાને લઈ આઈ.પી. મિશન સ્કૂલના પ્રિન્સિપાલ વિશ્રામ સંગાડા દ્વારા મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી હતી. આજરોજ શનિવારે શાળા છૂટ્યા બાદ, સ્કૂલ ટાઈમ પૂર્ણ થયા પછી, પ્રિન્સિપાલ દ્વારા પોતાના સ્વખર્ચે જરૂરી કામગીરી કરાવવામાં આવી હતી. શાળાના બાળકોને દરરોજ પડતી તકલીફ અને અકસ્માતના ભયને ધ્યાનમાં રાખીને શાળા સંચાલન દ્વારા પોતાની જવાબદારી સમજી કામગીરી કરાવવામાં આવી હોવાની માહિતી મળી છે.

સામાજિક કાર્યકર્તા નીલમ વસૈયાએ બાળકોની સુરક્ષા સાથે જોડાયેલા આ ગંભીર મુદ્દે રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "એક વર્ષથી વધુ સમયથી કામ અધૂરું પડ્યું છે. કામગીરી પૂર્ણ કરવા માટે શાળા દ્વારા છેલ્લા 15 દિવસથી રજૂઆતો કરવામાં આવી રહી છે, તેમ છતાં તંત્ર દ્વારા માત્ર ગોળ-ગોળ જવાબો આપવામાં આવે છે. શાળાની બહાર હાઈવે છે અને અહીંથી બાળકોની અવરજવર રહે છે. કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં નગરપાલિકા તાત્કાલિક કામગીરી પૂર્ણ કરે."

## તંત્રની પોલ ખુલ્લી પડી

# પાવીજેતપુરના રેલવે ગરનાળાનો નવો બનેલો RCC રસ્તો માત્ર 6 મહિનામાં જ તૂટ્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતેથી પસાર થતા નેશનલ હાઈવે નંબર ૫૬ પર આવેલા રેલવે ગરનાળાનો રસ્તો ભારે ચર્ચામાં આવ્યો છે. માત્ર છ મહિના અગાઉ જ લાખો રૂપિયાના ખર્ચે નવો બનાવવામાં આવેલો આરસીસી (RCC) રસ્તો અત્યારે તૂટી ગયો છે અને મોટા-મોટા ખાડા પડી ગયા છે. તંત્રની નબળી અને તકલાદી કામગીરીના કારણે વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. છોટાઉદેપુરને જોડતા નેશનલ હાઈવે નંબર ૫૬ પર પાવીજેતપુર રેલવે ગરનાળા પાસે થોડા સમય પહેલા જ વાહનવ્યવહારને સરળ બનાવવા માટે નવું આરસીસી લેયર બનાવવામાં આવ્યું હતું. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે માત્ર અડધી વસંત પણ ન વીતી ત્યાં આ નવો રસ્તો ઉખડી ગયો છે અને તેમાં મોટા ખાડા પડી ગયા છે. થાનિકો અને વાહનચાલકો દ્વારા





મળતી માહિતી મુજબ, તાજેતરમાં જ મુખ્યમંત્રી આવ્યા હોય ત્યારે તેમના આગમન અગાઉ માત્ર દેખાડા ખાતર આ ખાડાઓ પુરી દેવામાં આવ્યા હતા. પરંતુ તંત્રની આ કામગીરી માત્ર ઉપરછલ્લી સાબિત થઈ અને થોડા જ દિવસોમાં રસ્તો ફરીથી પહેલા જેવો જ બિસ્માર હાલતમાં આવી ગયો છે. આ મુખ્ય માર્ગ પરથી દરરોજ હજારોની સંખ્યામાં નાના-મોટા વાહનો પસાર થાય છે. રસ્તા પર પડેલા આ જોખમી ખાડાઓના કારણે વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે, સાથે જ અકસ્માતનો ભય પણ સતત તોળાયેલો રહે છે. પ્રજા એક તરફ બિસ્માર રસ્તાઓનો ત્રાસ ભોગવી રહી છે, ત્યારે સવાલ એ ઊભો થાય છે કે મુખ્ય માર્ગ પર જો આ પ્રકારની નબળી ગુણવત્તાનું કામ થતું હોય તો તેની જવાબદારી કોણ લેશે?

# કવાંટના રાયસીંગપુરામાં કાળમુખા દીપડાનો આતંક: 65 વર્ષીય વૃદ્ધાને ઓરડીમાંથી ઘસડી જઈ જંગલમાં ફાડી ખાધા!

કવાંટ (ઈમરાન મિર્ઝા)

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના રાયસીંગપુરા ગામેથી એક અત્યંત હૃદયદ્રાવક અને કંપારી છૂટી જાય તેવી ઘટના સામે આવી છે. ગામના ખાંટીયાબાર ફળિયામાં રહેતા આશરે ૬૫ વર્ષીય વૃદ્ધાને કોઈ હિંસક જંગલી જાનવર ઓરડીમાંથી ઘસડીને જંગલ તરફ લઈ ગયું હતું અને તેમના શરીરને છિન્ન-ભિન્ન કરી મોતને ઘાટ ઉતાર્યા છે. આ બનાવથી સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ભયનો માહોલ વ્યાપી ગયો છે. મળતી વિગતો અનુસાર, ગત તારીખ ૨૪/૦૭/૨૦૨૬ના રોજ રાયસીંગપુરા ગામના ખાંટીયાબાર ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય રહલીબેન રેવજીભાઈ નાયક પોતાના ઘર પાસે આવેલી ઓરડીમાં હતા. તે દરમિયાન અચાનક ધસી આવેલા કોઈ હિંસક જાનવરે તેમના પર હુમલો કર્યો હતો. જાનવર વૃદ્ધાને ઓરડીમાંથી ઢસડીને નજીકના જંગલ તરફ લઈ ગયું હતું. જંગલમાં લઈ જઈને આ કાળમુખા જાનવરે વૃદ્ધાના ચહેરા, છાતી અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને માસ ફાડી ખાઈને કમકમાટીભર્યું મોત નીપજાવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ મૃતકના પૌત્ર રામસિંગભાઈ બચુરીયાભાઈ નાયકે આ અંગે સ્થાનિક પોલીસને જાણ કરી હતી. આ કમકમાટીભરી ઘટનાને પગલે રાયસીંગપુરા સહિત આસપાસના સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. ગામલોકોના જણાવ્યા મુજબ, વૃદ્ધાને ઉઠાવી જઈને શિકાર બનાવનાર બીજું કોઈ નહીં પણ આદમખોર દીપડો જ છે. સંધ્યાકાળ થતાં જ ગ્રામજનો ઘરમાં પુરાવા મજબૂર બન્યા છે.

## સંભેટી ગામે કેમિકલના પ્રદૂષણથી માછલીનાં મોત

# વરસાદી પાણીના વહેણનો લાભ લઈ કેમિકલયુક્ત ઝેરી પાણી તળાવમાં ઠાલવ્યું હોવાનો લોકોનો આક્ષેપ

ભરૂચ, રંગુની જાકીર

ઔદ્યોગિક ગઢ ગણાતા વાગરા તાલુકાના સંભેટી ગામમાં પર્યાવરણ અને વન્યજીવોના નિકંદનની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સંભેટી ગામની મધ્યમાં આવેલા મુખ્ય તળાવમાં અસંખ્ય માછલીઓના રહસ્યમય મોત થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. તળાવના કિનારે મોટી સંખ્યામાં મૃત માછલીઓ તરતી જોવા મળતા ગામલોકોમાં ભારે ચિંતા, ભય અને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. સંભેટી ગામલોકોના જણાવ્યા



મુજબ, ગામની આસપાસ અનેક મોટા ઔદ્યોગિક એકમો કાર્યરત છે. છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા વરસાદી વાતાવરણનો ગેરલાભ ઉઠાવીને કોઈ બેજવાબદાર કંપની દ્વારા કથિત રીતે કેમિકલયુક્ત અત્યંત ગંદુ અને ઝેરી પાણી ખુલ્લામાં છોડી દેવામાં આવ્યું હતું. આ દૂષિત પાણી વરસાદી પ્રવાહ સાથે ભળીને સીધું ગામના તળાવમાં આવી પહોંચ્યું હતું, જેને કારણે પાણીમાં ઓક્સિજન ઘટી જતાં અથવા ઝેરની અસરથી અસંખ્ય માછલીઓ સામૂહિક રીતે મોતને ભેટી હોવાની પ્રબળ આશંકા છે. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, આ તળાવ માત્ર એક જળાશય નથી, પરંતુ ગામના લોકો અને પશુઓ માટે જીવનદાયી પાણીનો મુખ્ય સ્ત્રોત છે. ગામના સેંકડો પશુઓ રોજ આ તળાવમાંથી પાણી પીવે છે અને અનેક પરિવારો પણ દૈનિક વપરાશ માટે આ પાણી પર નિર્ભર છે.

## કાવીમાં યુરીયા ખાતર માટે ખેડૂતોની લાંબી કતાર

# ચોમાસાની સીઝનમાં જરૂરિયાત હોવા છતાં પણ ઓછો જથ્થો ફાળવાયો હોવાની ફરિયાદ ઉઠવા પામી

ભરૂચ, રંગુની જાકીર

જંબુસર તાલુકાના કાવી ગામમાં ચોમાસા દરમિયાન યુરીયા ખાતરની અછત સર્જાતા ખેડૂતોમાં રોષ જોવા મળ્યો. કાવી જીન વિસ્તારમાં યુરીયા લેવા માટે કાવી સહિત આસપાસના ગામોના ખેડૂતો મોટી સંખ્યામાં પહોંચ્યા હતા. સતત વરસાદ વચ્ચે કલાકો સુધી લાંબી કતારોમાં ઊભા રહેવા છતાં ઘણા ખેડૂતોને ખાતર ન મળતાં ખાલી હાથે પરત ફરવું પડ્યું. ખેડૂતોના જણાવ્યા મુજબ હાલ પાક વૃદ્ધિનો નિર્ણાયક તબક્કો ચાલી રહ્યો છે. આ સમયે યુરીયા સમયસર ન મળે તો ઉપજ પર સીધી અસર થવાની શક્યતા છે. વહેલી સવારથી ટોકન અને લાઈનની આશામાં ઊભેલા ખેડૂતોને જથ્થો પૂર્ણ થઈ ગયો હોવાની જાણ થતાં સ્થિતિ તણાવપૂર્ણ બની હતી. ખેડૂતોનું કહેવું છે કે વરસાદમાં લાંબો સમય ઊભા રહેતાં સમય અને ખર્ચ બંને વધ્યા. છતાં જરૂરી ખાતર મળ્યું નથી. સ્થાનિક ખેડૂતોના કહેવા પ્રમાણે કાવી વિસ્તાર ખેતીપ્રધાન છે. વસ્તી પણ મોટી છે. તેમ છતાં માંગની સરખામણીએ યુરીયાનો પૂરતો જથ્થો ફાળવાતો નથી. પરિણામે દર વર્ષે ચોમાસામાં ખાતર માટે મુશ્કેલી ઊભી થાય છે. કાવી કેન્દ્ર પર આસપાસના ગામોના ખેડૂતો પણ આધાર રાખતા હોવાથી ઉપલબ્ધ જથ્થો ઝડપથી ખૂટી જાય છે. ખેડૂતોનું કહેવું છે કે ખાતર સમયસર ન મળવાથી પાકના વિકાસ પર ગંભીર અસર પડી શકે છે. અછત લાંબી ચાલે તો ખેતીને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

## આણંદ જિલ્લામાં તેમજ ઉપરવાસના ભારે વરસાદના કારણે

# પંચાયત વિભાગ હસ્તકના તારાપુર અને ખંભાત તાલુકાના 9 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરાયું

આણંદ

રાજ્યમાં ચાલુ ચોમાસા દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે ઉપરવાસમાંથી આવતા પાણીના વધેલા પ્રવાહને પગલે આણંદ જિલ્લાના કેટલાક માર્ગો પર વાહનવ્યવહારને અસર થઈ છે. માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) ના કાર્યપાલક ઈજનેરશ્રીના જણાવ્યા અનુસાર તા. 25, જુલાઈના બપોરે 1:00 વાગ્યાની સ્થિતિએ આણંદ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના કુલ 9 માર્ગો વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. તેમાં તારાપુર તાલુકાના 7 તથા ખંભાત તાલુકાના 2 માર્ગોનો સમાવેશ થાય છે. બંધ કરાયેલા માર્ગોમાં મોટાભાગના રસ્તાઓ ઉપરવાસમાંથી આવતા વરસાદી પાણીના વધેલા પ્રવાહ અને ઓવરટોપિંગની સ્થિતિને કારણે અસરગ્રસ્ત બન્યા છે. જેના પગલે તારાપુર-રાજવાપુરા રોડ, મિલરામપુરા વિસ્તારના વિવિધ માર્ગો, જીચકા-ખાનપુર રોડ તેમજ મોરજ-ચીખલીયા રોડ સહિતના માર્ગો પર સલામતીના હેતુસર વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક ટીમ મોકલીને અસરગ્રસ્ત વિસ્તારોમાં જ્યાં શક્ય હોય ત્યાં વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા ઉપલબ્ધ



કરાવીને માર્ગોની સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ માર્ગો પૈકી કેટલાક સ્થળોએ પાણીનો પ્રવાહ ઘટ્યા બાદ માર્ગો ફરી શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે, જેના કારણે આ માર્ગો માટે 28, જુલાઈ સુધીમાં સ્થિતિ સામાન્ય થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લા વહીવટીતંત્ર અને માર્ગ-મકાન વિભાગે નાગરિકોને બંધ જાહેર કરાયેલા માર્ગો પર મુસાફરી ના કરવા અને માત્ર અધિકૃત વૈકલ્પિક માર્ગોનો જ ઉપયોગ કરવા તેમજ વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાવચેતીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરી છે.

# જામનગરમાં પતિએ દાતરડાના ઘા ઝીંકી પત્નીની હત્યા કરી: 8 ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી

જામનગર

જામનગર શહેરના 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દંપતી વચ્ચેના ગૃહકંકાસે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. માત્ર 6 મહિના પહેલાં જ લગ્નગ્રંથિથી જોડાયેલા દંપતી વચ્ચે સતત અણબનાવ રહેતો હતો, જેના કારણે ઉશ્કેરાયેલા પતિએ રૂમમાં એકલી રહેલી પત્ની પર દાતરડા વડે સળંગ 7 થી 8 ઘા ઝીંકી તેને મોતને ઘાટ ઉતારી દીધી છે. આ લોહિયાળ હત્યાકાંડથી સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગત 24 જુલાઈ 2026ના રોજ જામનગર 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષાબેન મહેશભાઈ નાગજીભાઈ કછટિયા નામની યુવતીની હત્યા નીપજાવવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે મૃતક વર્ષાબેન અને આરોપી પતિના લગ્ન આશરે 6 માસ પહેલા જ થયા હતા. જોકે, આ ટૂંકાગાળામાં જ બંને વચ્ચે અણબનાવ રહેતો હતો.

## નેતાજી સેવા કરવા ગયા ને પોતે જ 'રેસ્ક્યૂ' થયા!

# રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર કાદવમાં ફસાયા : લોકોએ ઊંચકીને બહાર કાઢવા પડ્યા

રાધનપુર/સાંતલપુર

હવામાન વિભાગની આગાહી વચ્ચે ઉત્તર ગુજરાતમાં પડેલા ભારે વરસાદે પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જી દીધી છે. ત્યારે સાંતલપુર તાલુકાના વરસાદી અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોની હાલત જાણવા અને પરિસ્થિતિનો તાગ મેળવવા નીકળેલા રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર માટે આ મુલાકાત જ મુસીબતરૂપ બની ગઈ હતી.

વરસાદી પાણી અને ચીકણી માટીવાળા રસ્તા પરથી પસાર થતી વખતે ધારાસભ્ય લવિંગજી ઠાકોર ઢીંચણસમા કાદવમાં એવા ફસાયા કે તેમનાથી એક ડગલું પણ આગળ વધી શકાય તેમ નહોતું. નેતાજી કાદવમાં ખૂંપી જતાં જ ત્યાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



ધારાસભ્ય જાતે બહાર નીકળી શકે તેમ ન હોવાથી આસપાસ હાજર રહેલા ગ્રામજનો અને સમર્થકોએ તુરંત જ મદદે આવવું પડ્યું હતું. સ્થાનિક લોકોએ ધારાસભ્યને બે બાજુથી ઊંચકીને માંડ માંડ કાદવ-કીચડમાંથી સહીસલામત બહાર કાઢ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો છે.

જે રસ્તા પર ધારાસભ્યને લોકોએ ઊંચકીને બહાર કાઢવા પડ્યા, તે જ રસ્તા પરથી સ્થાનિક પ્રજા રોજબરોજ પસાર થવા મજબૂર છે. આ ઘટના બાદ વિસ્તારના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રજાના સવાલો: જો કલાકોના વરસાદમાં પ્રતિનિધિ પોતે કાદવમાં ફસાઈ જતા હોય, તો સામાન્ય નાગરિકો, શાળાએ જતા બાળકો અને દર્દીઓની શું હાલત થતી હશે? પ્રી-મોન્સૂન કામગીરી ફેલ: સરકારી થતા રસ્તાના સમારકામ અને પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહી ગઈ હોવાનો ઘાટ સર્જાયો છે. નેતાજી તો કાદવમાંથી સુરક્ષિત બહાર આવી ગયા, પરંતુ આ ઘટનાએ સાંતલપુર અને રાધનપુર પંથકના બિસ્માર રસ્તાઓ અને તંત્રની પોલ ચાર રસ્તે ખુલ્લી પાડી દીધી છે.

## ખાડીનું પાણી ગામની ભાગોળ સુધી પહોંચી જતાં ગામ તરફ જતો માર્ગ પાણીમાં ગરકાવ થયો

# ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં ભારે વરસાદના પગલે જનજીવન પર અસર

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં ભારે વરસાદના પગલે જનજીવન પર અસર જોવા મળી રહી છે. બુવા ગામ પાસેથી પસાર થતી ભૂખી ખાડી ઓવરફ્લો થતાં ગામમાં પાણી ઘૂસી ગયા છે.. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્રએ સાવચેતીના ભાગરૂપે રસ્તો બંધ કરી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

આમોદ તાલુકાના બુવા ગામ પાસેથી પસાર થતી ભૂખી ખાડીમાં વરસાદી પાણીનો પ્રવાહ સતત વધારો થતા ખાડી ઓવરફ્લો થઈ ગઈ હતી. ખાડીનું પાણી ગામની ભાગોળ સુધી પહોંચી જતાં ગામ તરફ જતો માર્ગ પાણીમાં



ગરકાવ થઈ ગયો હતો. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે તંત્રએ તાત્કાલિક અસરથી ટુ-વ્હીલર, ફોર-વ્હીલર સહિત નાના વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકી રસ્તો બંધ કરી દીધો હતો. સ્થળ પર પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને લોકોને જીવના જોખમે પાણીમાંથી પસાર ન થવા સૂચના આપવામાં આવી રહી છે. ભારે વરસાદને કારણે ગામનું બસ સ્ટોપ પણ પાણીમાં ગરકાવ થતાં મુસાફરો અને સ્થાનિક લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

તંત્ર દ્વારા સતત પાણીના સ્તર પર નજર રાખવામાં આવી રહી છે. જો આગામી કલાકોમાં વધુ વરસાદ પડશે તો બુવા ગામ સહિત આસપાસના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. સ્થાનિકોને બિનજરૂરી અવરજવર ટાળવા, સાવચેત રહેવા અને તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

## રેલવે DRM વેદ પ્રકાશ દ્વારા સલામતી માટે તકેદારી રાખવા સૂચના અપાઈ

# WR DRM દ્વારા બપોરે 3 કલાકથી પરોઢના 4 કલાક સુધી રેલવે સેક્શનનું નિરીક્ષણ કરાયું

અમદાવાદ, એસ.કુમાર I પાક્કો ગુજરાત

ગુજરાતમાં સતત થઈ રહેલા મુશળાધાર વરસાદ વચ્ચે પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ યાત્રી સુરક્ષા અને સુરક્ષિત રેલવે સંચાલન સુનિશ્ચિત કરવા માટે સમગ્રપણે સતર્ક અને સક્રિય છે. આ જ ક્રમમાં મંડળ રેલવે મેનેજર વેદ પ્રકાશ એ 24 જુલાઈના રોજ બપોરે 3.00 કલાકથી 25 જુલાઈ 2026 ના રોજ પરોઢીયે 4.00 કલાક સુધી સિનિયર અધિકારીઓની સાથે આંબલિયાસણ -વિજાપુર-આદરજ મોટી-ગાંધીનગર



રેલવે સેક્શનનું સર્વગ્રાહી નિરીક્ષણ કરી વરસાદથી ઉત્પન્ન પરિસ્થિતિઓનો સ્થળ પર જઈને વિગતવાર તાગ મેળવ્યો.

લગભગ 13 કલાક ચાલેલા આ અવિરત નિરીક્ષણ દરમિયાન મંડળ રેલવે મેનેજરે રેલવે સેક્શનના વિવિધ સંવેદનશીલ સ્થળો, રેલવે ટ્રેક, પુલ-નાળાઓ, પાણી નિકાલની વ્યવસ્થા તથા 100 થી વધુ રોડ અંડર બ્રિજ (RUB), રોડ ઓવર બ્રિજ (ROB), અંડરપાસ અને સ્ટેશનોનું તળસ્પર્શી નિરીક્ષણ કર્યું. સતત થઈ રહેલા વરસાદ વચ્ચે તેમણે ગાંધીનગરમાં આવેલ રોડ અન્ડર બ્રિજ (RUB) નું મધ્યરાત્રીમાં પણ નિરીક્ષણ કર્યું તથા પાણી ભરાવાની સ્થિતિ, ડ્રેનેજ સિસ્ટમની કાર્ય ક્ષમતા તથા સ્થાનિક રોડ ટ્રાફિક પર પડી રહેલી અસરની વિગતવાર આકારણી કરી. તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા કે પાણી નિકાલ માટે પમ્પિંગ વ્યવસ્થા અને રાહત કામ યુદ્ધસ્તર પર સતત ચાલુ રાખવામાં આવે, જેથી સામાન્ય નાગરિકો, રોડ ટ્રાફિક તથા રેલવે સેવાઓ પર કોઈપણ પ્રકારની પ્રતિકૂળ અસર ન પડે. તેમણે ચોમાસા દરમિયાન તમામ સુરક્ષા પરિમાણોનું કડકાઈથી પાલન કરવા તથા સંવેદનશીલ સ્થળોએ સતત દેખરેખ જાળવી રાખવાના પણ નિર્દેશ આપ્યા.



## તમન્ના ભાટિયાએ અનેક બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે

# તમન્ના ભાટિયાએ સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને લઈને કર્યો મોટો ખુલાસો

મુંબઈ

અભિનેત્રી તમન્ના ભાટિયા એ અભિનેત્રીઓમાંની એક છે જે પોતાના મનની વાત કહેવા માટે જાણીતી છે. હવે સાઉથના ફિલ્મ ઉદ્યોગ અને હિન્દી સિનેમા અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. જેને લઈને એ ચર્ચામાં રહી છે. સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને બોલિવૂડ બંનેમાં પોતાની ટેલેન્ટ સાબિત કરનારી અભિનેત્રી તમન્ના ભાટિયાએ ફિલ્મ ઉદ્યોગની કાર્યશૈલી તથા અભિનેત્રીઓને આપવામાં આવતી ભૂમિકાઓ પર પોતાના વિચારો શેર કર્યા છે. હિન્દી સિનેમા કલાકારોને તેમની પસંદગીઓ અનુસાર પ્રયોગ કરવા માટે ઉત્તમ જગ્યા પૂરી પાડે છે, જ્યારે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કમર્શિયલ લેવલ પર એક જગ્યા બનાવી રાખવા માટે ચોક્કસ પરિમાણો અને સ્ટાર માર્કિંગ થાય છે. બોલિવૂડ કલાકારોને તેઓ જે પ્રકારનું કામ કરવા માંગે છે તે પસંદ કરવાની તક આપે છે. તે એવા કલાકારો માટે પણ નોંધપાત્ર સંભાવના ધરાવે છે જેઓ ડાન્સ કે નૃત્યના કોઈ ટ્રેડિશલ ફોર્મેટમાં ફિટ થતા નથી. અથવા સંપૂર્ણપણે આરામદાયક અનુભવતા નથી. જ્યારે આવા કલાકારો પાત્ર-આધારિત ભૂમિકાઓ કરી લે છે, ત્યારે તેમનો અભિનય ખરેખર ચમકે છે અને પ્રેક્ષકો તેમના અભિનયની પ્રશંસા કરે છે. પોતાના અનુભવને શેર કરતા, તમન્નાએ સમજાવ્યું કે સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવ્યા બાદ કામ પ્રત્યેના તેના ચોક્કસ અભિગમની સમજ મેળવી. જ્યારે કેટલાક લોકો આને પુરૂષ પ્રધાન માનસિકતા અથવા ચોક્કસ પ્રકારના દ્રષ્ટિકોણનું નામ આપી શકે છે, ત્યાં કમર્શિયલ ફિલ્મ સફળ થવા માટે સ્ટાર માર્ક અને સ્ક્રિન પ્રેઝન્સ માટે એક અલગ બ્રાન્ડની જરૂર પડે છે. આ પણ મોટો રેકોર્ડ એક્ટ્રેસે એક ખાસ મુલાકાત આપતા કહ્યું હતું કે, આ વાત વ્યક્તિએ વ્યક્તિએ બદલાઈ શકે છે. જોકે, ઘણી અભિનેત્રીઓએ 10 થી 15 વર્ષ સુધી ઉદ્યોગમાં પોતાની કારકિર્દી ટકાવી રાખી છે તેમણે પોતાનું સ્થાન જાળવી રાખવા માટે એક લેવલ અને નૃત્ય ગીતો ધરાવતી ભૂમિકાઓ વચ્ચે સંતુલન જાળવવું પડશે. એ વાત નોંધનીય છે કે અભિનેત્રી તમન્ના ભાટિયાએ અનેક બોલિવૂડ ફિલ્મોમાં કામ કર્યું છે. જોકે, ફિલ્મ 'સ્ત્રી ૨' નું આઈટમ સોંગ 'આજ કી રાત' તેના કરિયરના સૌથી મોટા બ્લોકબસ્ટર ગીતોમાંનું એક છે. આ ગીત એટલું લોકપ્રિય છે કે લોકો તેને નિયમિતપણે સાંભળવાનું ચાલુ રાખે છે. તેને યુટ્યુબ પર રેકોર્ડબ્રેક વ્યૂઝ મળ્યા છે.

**ફિલ્મ 'સ્ત્રી 2' નું આઇટમ સોંગ "આજ કી રાત" તેના કરિયરના સૌથી મોટા બ્લોકબસ્ટર ગીતોમાંનું એક**

# કૌન બનેગા કરોડપતિ 18' માટે કાઉન્ટડાઉન શરૂ

## હોટ સીટ પર બેઠેલા સ્પર્ધકોને હવે દરેક પ્રશ્નનો જવાબ આપતા પહેલા થોભો અને વિચારવાની તક મળશે

મુંબઈ

સોની ટીવીનો સૌથી લોકપ્રિય અને પ્રશંસનીય ક્વિઝ રિયાલિટી શો, "કૌન બનેગા કરોડપતિ", તેની નવી અને ધમાકેદાર 18મી સીઝન સાથે પરત ફરવા માટે તૈયાર છે. મેગાસ્ટાર અમિતાભ બચ્ચન ફરી એકવાર હોટ સીટ પર જોવા મળશે, તેમનો મજબૂત અને કમાન્ડિંગ અવાજ, "લેડીઝ એન્ડ જેન્ટલમેન" કહેશે, "KBC 18" નું શૂટિંગ સત્તાવાર રીતે 1 ઓગસ્ટ, 2026 ના રોજ ગોરેગાંવ, મુંબઈના ફિલ્મ સિટીમાં એક સુંદર નવા સેટ પર શરૂ થવાનું છે. નિર્માતાઓ શોની આ નવી સીઝનને સંપૂર્ણપણે નવા અભિગમ અને તાજગીભર્યા ખ્યાલ સાથે રજૂ કરી રહ્યા છે, જેની ઝલક તેના પ્રોમોમાં સ્પષ્ટપણે દેખાય છે. ઘણીવાર, ક્વિઝ શોમાં, એવું માનવામાં આવે છે કે જે ઝડપી જવાબ આપે છે તે જીતે છે. પરંતુ 'KBC 18' માં, માત્ર તીક્ષ્ણ મન જ નહીં, પણ ધીરજ અને વ્યૂહરચના પણ જરૂરી રહેશે. આ વખતે, સીઝનની થીમ છે, "ઈસ બાર સોચના પહેલી." સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન દ્વારા ટીવી પર તાજેતરમાં રિલીઝ થયેલા પ્રોમોમાં, અમિતાભ બચ્ચન ગોલ્ફ કોર્સના શાંત મેદાનમાં ઉભા જોવા મળે છે. જીવન અને ગોલ્ફની તુલના કરતા, બિગ બી કહે છે, "બાળપણમાં, અમને શીખવવામાં આવ્યું હતું કે જવાબ આપનાર પહેલો વ્યક્તિ સાચો હોય છે. પરંતુ ક્યારેક જીવનમાં, પહેલો જવાબ સાચો હોતો નથી. તો આ વખતે KBC પર, તમારે જવાબ આપતા પહેલા થોભવું પડશે. શું તમે સમજતા નથી? આ વખતે તમારે વિચારવું પડશે." શોના નિર્માતાઓના મતે, આ નવી સીઝનમાં ઉતાવળિયા જવાબો કરતાં તાર્કિક વિચારસરણી, ધીરજ અને જાણકાર નિર્ણયો લેવાની ક્ષમતા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.




# ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર બોલિવૂડની પ્રતિક્રિયા

## પ્રિયંકા ચોપડાથી પ્રકાશ રાજ સુધી અનેક સેલેબ્સે નિવેદન આપ્યું

મુંબઈ

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ માત્ર રાજકીય વર્તુળોમાં જ નહીં, પરંતુ બોલિવૂડમાં પણ તેની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. સોશિયલ મીડિયા પર અનેક ફિલ્મી હસ્તીઓએ પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી છે. કેટલાક કલાકારોએ વિદ્યાર્થીઓના લાંબા સમયથી ચાલતા આંદોલનને અભિનંદન પાઠવ્યા, તો કેટલાકે આ ઘટનાને યુવા શક્તિ અને લોકશાહીની જીત ગણાવી.

પ્રકાશ રાજ: તમે સરકારને ઝૂકાવી બતાવી

અભિનેતા પ્રકાશ રાજે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ શેર કરીને વિદ્યાર્થીઓ અને આંદોલનકારીઓની પ્રશંસા કરી. તેમણે લખ્યું કે,



"અભિનંદન મારા પ્રિય કોકરોચ મિત્રો, સોનમ વાંગચુક અને યુવાનો સાથે ઊભા રહેનારા તમામ લોકોને. તમે સાબિત કરી દીધું કે એકજૂટ જનશક્તિ સામે કોઈપણ સરકારને ઝૂકવું પડી શકે છે."

પ્રિયંકા ચોપડાનો પ્રતિસાદ

અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ પોતાના સોશિયલ મીડિયા પર લખ્યું કે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પાછળ દેશભરના વિદ્યાર્થીઓના લગભગ 30 દિવસના વિરોધ પ્રદર્શન અને સોનમ વાંગચુકના 26 દિવસના અનશનનો મોટો ફાળો રહ્યો છે. તેમણે આ ઘટનાને સંઘર્ષની સફળતા ગણાવી.

અરમાન મલિક: 'યુવા શક્તિની તાકાત'

ગાયક અરમાન મલિકે ટૂંકા પરંતુ અસરકારક શબ્દોમાં લખ્યું, "Power of the Youth", એટલે કે યુવાનોની શક્તિએ પોતાનો પ્રભાવ બતાવ્યો છે.

સંભાવના સેઠ: આંસુ, સંઘર્ષ અને હિંમતની જીત

અભિનેત્રી સંભાવના સેઠે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં લોકોના આંસુ, સંઘર્ષ, હિંમત અને બલિદાન જોવા મળ્યા હતા. અનેક અવરોધો છતાં યુવાનો અડગ રહ્યા અને આજે તેમની મહેનત સફળ થઈ છે. તેમણે અંતમાં લખ્યું, "Gen Z ઝિંદાબાદ."

અદિતિ રાવ હૈદરી: 'સાચી લડતની જીત'

અદિતિ રાવ હૈદરીએ પોતાના સંદેશમાં લખ્યું કે સાચી લડત લડીને જીતવું સૌથી મોટી વાત છે. તેમણે આશા વ્યક્ત કરી કે ઈમાનદારી, અહિંસા, જવાબદારી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવી મૂલ્યો વધુ મજબૂત બનશે અને નફરત તથા ભય પર હંમેશા ભારે પડશે.

દીયા મિર્ઝા: 'યુવાનોની મોટી જીત'

અભિનેત્રી દીયા મિર્ઝાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું કે ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું દેશના યુવાનોની મોટી જીત છે અને આ સંઘર્ષે યુવા અવાજની તાકાત સાબિત કરી છે.

વાણી કપૂર: 'આ ક્ષણ દરેક વિદ્યાર્થી માટે'

વાણી કપૂરે લખ્યું કે સતત પ્રશ્નો પૂછનારા, હિંમત ન હારનારા અને આશા જીવંત રાખનારા દરેક વિદ્યાર્થી માટે આ ગૌરવની ક્ષણ છે.

સમય રૈના: 'વિદ્યાર્થીઓને વધુ અધિકાર મળે'

કોમેડિયન સમય રૈનાએ પણ પ્રતિક્રિયા આપતાં લખ્યું કે હવે વિદ્યાર્થીઓને વધુ અધિકારો અને વધુ મજબૂત અવાજ મળવો જોઈએ.

વિજય વર્માનો વ્યંગ

અભિનેતા વિજય વર્માએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પર વ્યંગાત્મક અંદાજમાં લોકપ્રિય ગીતની પંક્તિ લખી, "અચ્છા ચલતા હૂં દુઆઓં મેં યાદ રાખના." તેમની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

સોશિયલ મીડિયા પર ચર્ચાનો માહોલ

ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા બાદ સોશિયલ મીડિયા પર ★GenZ, ★StudentPower અને ★Democracy જેવા હેશટેગ ટ્રેન્ડ થઈ રહ્યા છે. અનેક કલાકારો અને સામાન્ય નાગરિકો આ ઘટનાને લોકશાહી, યુવા શક્તિ અને શાંતિપૂર્ણ આંદોલનની અસરકારકતા સાથે જોડીને જોઈ રહ્યા છે.



# Indian Idol 16ના ગ્રાન્ડ ફિનાલેમાં નહીં જોવા મળે વિશાલ દદલાની!

## મહિનાઓની તીવ્ર સ્પર્ધા, સંગીતમય લડાઈઓ અને યાદગાર પ્રદર્શન પછી, શોને તેના ટોચના 6 ફાઇનલિસ્ટ મળી ગયા છે

મુંબઈ

ઈન્ડિયન આઈડલ 16નો ગ્રાન્ડ ફિનાલે 26 જુલાઈના રોજ યોજાશે. છ ફાઈનલિસ્ટ ટ્રોફી માટે સ્પર્ધા કરશે, પરંતુ જજ વિશાલ દદલાણી આ કાર્યક્રમમાં ગેરહાજર રહેશે. સોની ટીવીના લોકપ્રિય સિંગિંગ રિયાલિટી શો, 'ઈન્ડિયન આઈડલ સીઝન 16' ની સફર હવે તેના સૌથી રોમાંચક તબક્કામાં પહોંચી ગઈ છે. મહિનાઓની તીવ્ર સ્પર્ધા, સંગીતમય લડાઈઓ અને યાદગાર પ્રદર્શન પછી, શોને તેના ટોચના 6 ફાઈનલિસ્ટ મળી ગયા છે. આ સીઝનનો 'ગ્રાન્ડ ફિનાલે' - થીમ આધારિત 'યાદો કી પ્લેલિસ્ટ' - રવિવાર, 26 જુલાઈ, 2026 ના રોજ સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રસારિત થશે, અને લાંબી રાહ જોયા પછી, રાષ્ટ્રને આખરે 'ઈન્ડિયન આઈડલ 16' ના નવા વિજેતા મળશે. આ ભવ્ય ફિનાલે સાંજ પહેલા, ચાહકો માટે કેટલાક આશ્ચર્યજનક સમાચાર સામે આવ્યા છે. શોના લોકપ્રિય જજ અને સંગીતકાર, વિશાલ દદલાણી, ગ્રાન્ડ ફિનાલેનો ભાગ બની શકશે નહીં.

રાત્રિને બ્લોકબસ્ટર બનાવવા માટે તમામ પ્રયાસો

સમગ્ર સિઝન દરમિયાન સ્પર્ધકોને માર્ગદર્શન આપનારા વિશાલ દદલાણીએ તેમની ગેરહાજરી બદલ દુઃખ વ્યક્ત કરતા કહ્યું, 'આ સિઝનમાં અમને અદ્ભુત પ્રતિભા જોવા મળી.

અમારા ટોચના 6 ફાઈનલિસ્ટમાંથી દરેકે સખત મહેનત દ્વારા આ સ્થાન મેળવ્યું છે. મને ખૂબ જ નિરાશા છે કે હું અગાઉની પ્રતિબદ્ધતાઓને કારણે ગ્રાન્ડ ફિનાલેનો ભાગ ન બની શકું, પરંતુ હું દરેકને મારી શુભકામનાઓ પાઠવું છું.' ભલે વિશાલ દદલાણી હાજર ન હોય, પણ નિર્માતાઓએ અંતિમ રાત્રિને બ્લોકબસ્ટર બનાવવા માટે તમામ પ્રયાસો કર્યા છે. શોના જજ શ્રેયા ઘોષાલ અને બાદશાહ સાથે, ઘણી પ્રખ્યાત હસ્તીઓ સ્ટેજ પર હાજર રહેશે. ખાસ મહેમાનો ઉષા ઉથુપ, ઉદિત નારાયણ, પાપોન, કુમાર સાનુ, શહેનાઝ ગિલ અને ઉર્મિલા માતોંડકર અંતિમ રાત્રિમાં વધુ ઉત્સાહ ઉમેરશે. હંમેશાની જેમ, આદિત્ય નારાયણ શોનું સંચાલન કરી રહ્યા છે.

# વિજયની છેલ્લી ફિલ્મનો બોક્સ ઓફિસ પર દબદબો, 2 દિવસમાં 100 કરોડનો આંકડો વટાવ્યો

મુંબઈ

તમિલ સિનેમાના દમદાર સુપરસ્ટાર અને રાજનેતા વિજયની છેલ્લી ચર્ચિત ફિલ્મ 'જન નાયકન' થિયેટરોમાં ધૂમ મચાવી રહી છે. 23 જુલાઈએ રિલીઝ થયેલી આ ફિલ્મે પહેલા જ દિવસે રૂપિયા 42.7 કરોડની તોતિંગ ઓપનિંગ મેળવીને બોક્સ ઓફિસ પર શાનદાર શરૂઆત કરી હતી. જોકે, વર્કિંગ ડે હોવાને કારણે બીજા દિવસે કમાણીમાં થોડો ઘટાડો નોંધાયો છે, તેમ છતાં ફિલ્મ માત્ર બે જ દિવસમાં ભારતમાં રૂપિયા 50 કરોડ નેટનો આંકડો વટાવી ગઈ છે. ભારતીય બોક્સ ઓફિસ પર રૂપિયા 63 કરોડનું કલેક્શ ભારતીય બોક્સ ઓફિસની વાત કરવામાં આવે તો, બીજા દિવસનું ભારતમાં નેટ કલેક્શન રૂપિયા 21.15 કરોડ રહ્યું છે. જ્યારે બે દિવસનું કુલ ભારતીય નેટ કલેક્શન રૂપિયા 63.85 કરોડ રહ્યું છે. વિદેશની વાત કરવામાં આવે તો, શુક્રવારે આ ફિલ્મે આંતરરાષ્ટ્રીય સ્તરે રૂપિયા 10 કરોડની કમાણી કરી હતી. આ સાથે 'જન નાયકન'નું વિશ્વભરનું (Worldwide Gross) કલેક્શન રૂપિયા 112.50 કરોડ સુધી પહોંચી ગયું છે. શુક્રવારે દેશભરમાં ફિલ્મની સરેરાશ ઓક્યુપન્સી 44.33% રહી હતી. દિવસ આગળ વધવાની સાથે જ થિયેટરોમાં દર્શકોની ભીડ વધતી જોવા મળી હતી. વિગતે જોઈએ તો મોર્નિંગ શૉમાં 32.77%, આફ્ટરનૂન શૉમાં 37.23%, ઈવનિંગ શૉમાં 47.00% અને નાઈટ શૉમાં 60.31% (સૌથી વધુ) ઓક્યુપન્સી રહી હતી, તમિલ ભાષામાં સૌથી વધુ કમાણી કરી સાઉથ ઈન્ડિયામાં વિજયની ફેન ફોલોઈંગને કારણે બીજા દિવસે પણ તમિલ ભાષામાં કમાણીમાં સૌથી આગળ રહી હતી. વિગતે આંકડો જોઈએ તો, તમિલ ભાષામાં રૂપિયા 17.95 કરોડ, હિંદી ભાષામાં રૂપિયા 1.85 કરોડ, તેલુગુ ભાષામાં રૂપિયા 1.35 કરોડની કમાણી થઈ છે.



### ઝંડુ કુમારને પેરા પાવરલિફ્ટિંગમાં બ્રોન્ઝ, 190 કિલો વજન ઉઠાવ્યું; બોક્સિંગમાં જાદુમણિ જીત્યા

# ભારતને કોમનવેલ્થ ગેમ્સ 2026માં પ્રથમ મેડલ મળ્યુ

મુંબઈ

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે પહેલો મેડલ જીતી લીધો છે. બિહારના પેરા પાવરલિફ્ટર ઝંડુ કુમારે મેન્સ હેવીવેઈટ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો. તેમણે 190 કિલોગ્રામની બેસ્ટ લિફ્ટ સાથે 130.9 અંક હાંસલ કર્યા. આ પહેલા મેન્સ અને મહિલા લાઈટવેઈટ પેરા પાવરલિફ્ટિંગમાં ભારત મેડલથી ચૂકી ગયું હતું. જ્યારે બોક્સિંગમાં જાદુમણિ સિંહે જીત સાથે રાઉન્ડ ઓફ-16માં સ્થાન બનાવ્યું. લૉન બૉલ્સમાં પુતુલ સોનોવાલે સતત બીજી જીત નોંધાવી. 28 વર્ષના ઝંડુ કુમારે ગ્રુપ-બીમાંથી રમતા પહેલા પ્રયાસમાં 181 કિલોગ્રામ અને બીજા પ્રયાસમાં 190 કિલોગ્રામ વજન ઉઠાવ્યું. આનાથી તેમને 130.9 અંક મળ્યા. ત્રીજા પ્રયાસમાં તેમણે 196 કિલોગ્રામ ઉઠાવીને બર્મિંગહામ 2022નો ગેમ્સ રેકોર્ડ તોડવાનો પ્રયાસ કર્યો, પરંતુ સફળ થઈ શક્યા નહીં. આમ



છતાં તેમનો સ્કોર બ્રોન્ઝ મેડલ માટે પૂરતો રહ્યો. નાઈજીરીયાના રિલુવાન ઈદ્રીસે ગોલ્ડ અને ઈંગ્લેન્ડના મેથ્યુ હાર્ડિંગે સિલ્વર જીત્યો. બિહારના નાલંદા જિલ્લાના હરનૌતમાં ઝંડુ કુમાર બાળપણથી પોલિયોથી પ્રભાવિત હતા. પરિવારની મદદ માટે તેમણે રસ્તા કિનારે પિતા સાથે બટાકા-ડુંગળી વેચ્યા અને કોવિડ દરમિયાન ઈ-રિક્ષા ચલાવીને રોજીરોટી કમાઈ. હવે તે જ ખેલાડી કોમનવેલ્થ ગેમ્સમાં ભારત માટે મેડલ જીતી ચૂક્યો છે. 2023માં નેશનલ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે તેમણે પોતાની ઈ-રિક્ષા પણ વેચી દીધી. પહેલી વારમાં કોઈ સફળ લિફ્ટ લગાવી શક્યા નહીં, પરંતુ તેમની પ્રતિભા પર પેરાલિમ્પિક બ્રોન્ઝ મેડલિસ્ટ રાજિંદર સિંહ રાહેલુની નજર પડી. ત્યારબાદ SAI સેન્ટરમાં ટ્રેનિંગ મળી અને કરિયર નવી ઊંચાઈઓ પર પહોંચી ગયું. 2017માં પેરા એથ્લેટિક્સથી શરૂઆત કરનાર ઝંડુએ બાદમાં પાવરલિફ્ટિંગ પસંદ કર્યું. નેશનલ રેકોર્ડ બનાવ્યો, વર્લ્ડ કપ અને એશિયન-ઓશનિયા ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ જીત્યો. પેરા પાવરલિફ્ટિંગમાં ભારતના સુધીર 183 કિલોગ્રામની લિફ્ટ સાથે છઠ્ઠા સ્થાને રહ્યા. મહિલા હેવીવેટ કેટેગરીમાં કસ્તૂરી રાજમણિ ત્રણેય પ્રયાસોમાં નિષ્ફળ રહી અને કોઈ લિફ્ટ નોંધાવી શકી નહીં.

## ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમની કમાન ફરી જો રૂટના હાથમાં

મુંબઈ

ઈંગ્લેન્ડ ટેસ્ટ ક્રિકેટ ટીમમાં ટૂંક સમયમાં જ એક યુગનો અંત અને ફરી એકવાર જૂના અનુભવી નેતૃત્વની વાપસી થવા જઈ રહી છે. વિસ્ફોટક ઓલરાઉન્ડર અને વર્તમાન કેપ્ટન બેન સ્ટોક્સની નિવૃત્તિ બાદ, ઈંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટનું ટેસ્ટ કેપ્ટન તરીકે પુનરાગમન લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ લાંબા ગાળાની સ્થિરતાને ધ્યાનમાં રાખીને જો રૂટને ફરીથી ટીમની કમાન સોંપવા માટે ગંભીરતાથી વિચારણા કરી રહ્યું છે.

બોર્ડના આંતરિક વર્તુળોમાંથી મળતા સંકેતો મુજબ, 19 ઓગસ્ટથી શરૂ થઈ રહેલી પાકિસ્તાન સામેની ટેસ્ટ શ્રેણીથી જ જો રૂટ ટીમનું સુકાન સંભાળી શકે છે. એટલું જ નહીં, બોર્ડ તેને સંભવિત રીતે વર્ષ 2027ની ઐતિહાસિક એશિઝ શ્રેણી સુધી કેપ્ટન પદ પર જાળવી રાખવાની યોજના બનાવી રહ્યું છે. સ્ટોક્સની નિવૃત્તિ સાથે 'બેઝબોલ' યુગના એક પ્રકરણનો અંત તાજેતરમાં જ ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ટેસ્ટ શ્રેણી બાદ બેન સ્ટોક્સે ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. સ્ટોક્સની આ જાહેરાતની સાથે જ કેપ્ટન તરીકેના તેના 4 વર્ષના પરિવર્તનકારી અને યાદગાર સમયગાળાનો અંત આવ્યો છે. ટેસ્ટ ક્રિકેટના પૂર્વ હેડ કોચ બ્રેન્ડન મેક્કુલમ સાથે મળીને બેન સ્ટોક્સે ઈંગ્લેન્ડની ટીમમાં આક્રમક 'બેઝબોલ'ફિલોસોફી રજૂ કરી હતી. આ નવતર અભિગમે ઈંગ્લેન્ડના રેડ-બોલ ક્રિકેટમાં ક્રાંતિ લાવી દીધી હતી. આ આક્રમક વ્યૂહરચનાના કારણે જ ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા સામે યાદગાર જીત મેળવી હતી અને વૈશ્વિક સ્તરે ટેસ્ટ ક્રિકેટ પ્રત્યે ફરી એકવાર નવો ઉત્સાહ જગાવ્યો હતો.

### સોશિયલ મીડિયા પરની વાતો અફવા છે

## કોહલી સાથે મારો કોઈ ઝઘડો નથી..., હેન્ડશેક વિવાદ પર ટ્રેવિસ હેડનો જવાબ

નવી દિલ્હી

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 દરમિયાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) ની મેચ બાદ ભારે ચર્ચામાં રહેલા વિવાદ પર આખરે ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓપનર ટ્રેવિસ હેડે મૌન તોડ્યું છે. વિરાટ કોહલી સાથેના કથિત અણબનાવ અને ત્યારબાદ સોશિયલ મીડિયા પર તેના પરિવારને નિશાનો બનાવીને કરવામાં આવેલી દર્દનાક ટ્રોલિંગ પર હેડે પહેલીવાર ખુલ્લેઆમ પોતાનો આક્રોશ અને પીડા વ્યક્ત કરી છે. તેણે સ્પષ્ટ કર્યું છે કે વિરાટ કોહલી સાથે તેના કોઈ



ખરાબ સંબંધો નથી અને મીડિયા તેમજ સોશિયલ મીડિયા પર ચાલી રહેલી વાતો માત્ર અફવા છે. IPL 2026ની સીઝન દરમિયાન સનરાઈઝર્સ હૈદરાબાદ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રમાયેલી મેચ બાદ એક વીડિયો વાયરલ થયો હતો. મેચ સમાપ્ત થયા બાદ જ્યારે બંને ટીમના ખેલાડીઓ એકબીજા સાથે હાથ મિલાવી રહ્યા હતા, ત્યારે કેમેરામાં કેદ થયું હતું કે વિરાટ કોહલી ટ્રેવિસ હેડની સામે જોયા વગર તેની બાજુમાંથી પસાર થઈ ગયો હતો અને હેડ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. આ વીડિયો વાયરલ થતાં જ સોશિયલ મીડિયાના કીબોર્ડ વોરિયર્સ સક્રિય થઈ ગયા હતા અને દાવો કરવામાં આવ્યો હતો કે બંને દિગ્ગજો વચ્ચે મેદાન પર થયેલી સ્લેજિંગના કારણે સંબંધોમાં ભારે ખટાસ આવી ગઈ છે. આ વિવાદના મહિનાઓ બાદ એક ઈન્ટરવ્યુમાં વાતચીત કરતી વખતે ટ્રેવિસ હેડે તમામ અટકળોને સખત શબ્દોમાં નકારી કાઢી છે.

# ભારતે T20 વર્લ્ડ કપ પછી પહેલી સિરીઝ જીતી

### ઝિમ્બાબ્વેને 90 રનથી હરાવ્યું; ઈશાન-તિલકની ફિફ્ટી, અભિષેક શર્માએ 3 વિકેટ ઝડપી

હરારે

T20 વર્લ્ડ કપ 2026 પછી ભારતે પહેલી T20 સિરીઝ જીતી લીધી છે. હરારેમાં રમાયેલી બીજી મેચમાં ટીમ ઈન્ડિયાએ ઝિમ્બાબ્વેને 90 રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝમાં 2-0ની લીડ મેળવી લીધી. સિરીઝની ત્રીજી અને છેલ્લી મેચ હરારે સ્પોર્ટ્સ ક્લબમાં આવતીકાલે જ રમાશે.

ભારતે પહેલા બેટિંગ કરતા 5 વિકેટે 219 રન બનાવ્યા. જવાબમાં ઝિમ્બાબ્વેની ટીમ 119 રન પર ઓલઆઉટ થઈ ગઈ. ઈશાન કિશને 44 બોલમાં 81 રનની ઈનિંગ્સ રમી. તિલક વર્માએ અણનમ 60 રન બનાવ્યા. બોલિંગમાં અભિષેક



શર્માએ 3 વિકેટ લીધી. પ્રિન્સ યાદવ અને યશ ઠાકુરને 2-2 વિકેટ મળી.

ભારતની શરૂઆત સારી રહી નહોતી. અભિષેક શર્મા 8 અને વૈભવ સૂર્યવંશી 20 રન બનાવીને આઉટ થઈ ગયા. ત્યારબાદ ઈશાન કિશન અને કેપ્ટન શ્રેયસ અય્યરે (25) ત્રીજી વિકેટ માટે 66 રન જોડ્યા. પછી ઈશાન અને તિલક વર્માએ ચોથી વિકેટ માટે 94 રનની ભાગીદારી કરીને ભારતને 219 રન સુધી પહોંચાડ્યું.

220 રનને ચેઝ કરવા ઊતરેલી ઝિમ્બાબ્વે તરફથી કોઈ બેટર મોટી ઈનિંગ્સ રમી શક્યો નહીં. યશ ઠાકુરે બ્રાયન બેનેટ (32)ને આઉટ કરીને T20 ઈન્ટરનેશનલમાં પોતાની પહેલી વિકેટ લીધી. પ્રિન્સ યાદવે બેન કરન અને કેપ્ટન સિકંદર રઝાને પવેલિયન મોકલ્યા. ઝિમ્બાબ્વેની ટીમ 17.5 ઓવરમાં 129 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન શ્રેયસ અય્યરની આગેવાનીમાં ભારતે સતત બીજી T20 જીતી લીધી. હરારેમાં રમાયેલી મેચમાં ભારતે 219 રનનો ટાર્ગેટ આપ્યા બાદ ઝિમ્બાબ્વેને 17.5 ઓવરમાં 129 રન પર સમેટી દીધું અને 90 રનથી જીત નોંધાવી. આ સાથે જ ભારતે 3 મેચોની સિરીઝમાં 2-0ની અજય સરસાઈ મેળવી લીધી.

મેચના અંતમાં અભિષેક શર્માએ કમાલની બોલિંગ કરી. તેણે 15.2મી ઓવરમાં ન્યૂમેન ન્યામહુરી, 17.5મી ઓવરમાં રિચાર્ડ નગારાવાને આઉટ કરીને ઝિમ્બાબ્વેની ઈનિંગ્સ પૂરી કરી. તો બીજી તરફ યશ ઠાકુરે 16.1મી ઓવરમાં તાદીવાનાશે મરુમાની (24)ને બોલ્ડ કર્યો. અભિષેકે કુલ 3 વિકેટ લીધી.



### પ્રાઈમરી બજારમાં વધેલી પ્રવૃત્તિને કારણે સેકન્ડરી બજારમાં ખરીદી ધીમી પડી

# DIIની ખરીદી 16 મહિનાની નીચી સપાટીએ ઉતરી


મુંબઈ

દેશની બીજી સૌથી મોટી IT સર્વિસિસ કંપની ઈન્ફોસિસે આશિષ કુમાર દશને તેના નવા CEO તરીકે નિયુક્ત કર્યા છે. 23 જુલાઈ 2026ના રોજ પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો સાથે કંપનીએ આ નેતૃત્વ પરિવર્તનની જાહેરાત કરી. તેઓ વર્તમાન CEO અને MD સલિલ પારેખનું સ્થાન લેશે.

તેઓ 1 એપ્રિલ 2027થી ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળશે. તેમનો કાર્યકાળ 5 વર્ષનો રહેશે, જે 31 માર્ચ 2032 સુધી ચાલશે.

કંપનીનો નફો 12.2% વધીને 7,769 કરોડ રૂપિયા રહ્યો

જૂન ક્વાર્ટરમાં કંપનીનો



કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 12.2% વધીને 7,769 કરોડ રૂપિયા રહ્યો, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં 6,921 કરોડ રૂપિયા હતો. અગાઉના ક્વાર્ટરના 8,501 કરોડ રૂપિયાની સરખામણીમાં કંપનીના નેટ પ્રોફિટમાં 8.6%નો ઘટાડો થયો છે. ઈન્ફોસિસની આવક વાર્ષિક ધોરણે 14% વધીને 48,211 કરોડ રૂપિયા થઈ ગઈ છે. એક વર્ષ પહેલાંના સમાન સમયગાળામાં કંપનીએ 42,279 કરોડ રૂપિયાની આવક મેળવી હતી.

ત્રિમાસિક ધોરણે (QoQ) જોઈએ તો કંપનીની આવકમાં 4% નો વધારો નોંધાયો છે. ગયા નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં (માર્ચ ત્રિમાસિક) કંપનીની આવક 46,402 કરોડ રૂપિયા રહી હતી. સલિલ પારેખ બોલ્યા- 8 વર્ષમાં કંપનીની કમાણી બમણી થઈ પોતાનું પદ છોડી રહેલા MD અને CEO સલિલ પારેખે કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં ઈન્ફોસિસનું નેતૃત્વ કરવું તેમના માટે ખૂબ જ સન્માનની વાત રહી છે.

### ભારતીય બંદરો પર આવતા જહાજોની સંખ્યા પણ ઘટી

# પ. એશિયામાં તંગદિલી વધતાં શિપિંગ દરો બમણા થયા

**પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ વણસતા ભારતના આયાત-નિકાસ વેપારને મોટો ફટકો પડ્યો છે. અમદાવાદમાં શિપિંગ દરો બમણા થયા છે અને કન્ટેનરની તીવ્ર અછત સર્જાઈ છે.**

મુંબઈ

જુલાઈની શરૂઆતમાં યુદ્ધવિરામ ભંગ થયા પછી પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિ વધુ વણસતાં ભારતના આયાત-નિકાસ વેપારને મોટો આંચકો લાગ્યો છે. વૈશ્વિક શિપિંગ રૂટમાં વિક્ષેપને કારણે મુખ્ય સ્થળો માટેના શિપિંગ દરો બમણા થઈ ગયા છે અને કન્ટેનરની ઉપલબ્ધતામાં ભારે ઘટાડો થયો છે. ઉદાહરણ તરીકે, પશ્ચિમ કિનારાના ભારતીય બંદરોથી યુએસ ઈસ્ટ કોસ્ટ (અમેરિકાના પૂર્વ કિનારા) માટે ૪૦ ફૂટના કન્ટેનરનો શિપિંગ દર જૂનના ૩,૪૦૦ ડોલરથી વધીને ૬,૦૦૦ ડોલરપર પહોંચી ગયો છે. યુએસ વેસ્ટ કોસ્ટ (અમેરિકાના પશ્ચિમ કિનારા) માટે કન્ટેનરનો ચાર્જ ૪,૧૦૦ ડોલરથી વધીને ડોલર ૭,૩૦૦ થયો છે. જ્યારે યુરોપમાં કન્ટેનર મોકલવાનો ખર્ચ જૂનની શરૂઆતમાં ૧,૭૦૦ ડોલર હતો તે જુલાઈમાં વધીને ૩,૮૦૦ ડોલર થઈ ગયો છે. જાણકાર સુત્રોએ જણાવ્યું હતું કે, માર્ચમાં



યુદ્ધ શરૂ થયું ત્યારથી જ ભાડાં ઊંચા હતાં, જેમાં તાજેતરમાં વધુ વધારો થયો છે. વિવિધ જહાજો વચ્ચે ભાવ અલગ-અલગ હોવાને કારણે અનિશ્ચિતતા વધી છે અને આગોતરું આયોજન કરવું મુશ્કેલ બની રહ્યું છે. કન્ટેનરના દરો સિવાય, કેટલીક શિપિંગ લાઈનો જે ભારતીય બંદરો પર આવવાની હતી તે હવે અહીં આવવાનું ટાળી રહી છે, જેના કારણે કન્ટેનરના પુરવઠામાં અવરોધ જેવી વધુ ગંભીર સમસ્યાઓ ઊભી થઈ રહી છે. વૈશ્વિક શિપિંગ લાઈનો દ્વારા ભારતીય બંદરો પર જહાજો ન મોકલવા (બ્લેન્ક કોલ્સ) એ વધુ ભાડું વસૂલવાની એક રણનીતિ પણ હોઈ શકે છે, તેમ એક ગ્લોબલ લોજિસ્ટિક્સ ફર્મના વડાએ જણાવ્યું હતું. કેટલાક જહાજો ભારતીય બંદરોને સંપૂર્ણપણે બાયપાસ કરી રહ્યા હોવાથી નવા કન્ટેનર આવી રહ્યા નથી અને નિકાસ માટેના કન્ટેનર બંદરો પર ખડકાઈ રહ્યા છે. જો પાંચ કન્ટેનરની જરૂરિયાત હોય તો માંડ બે કન્ટેનરની વ્યવસ્થા થઈ શકે છે. આ ઉપરાંત, બજારમાં ઉપલબ્ધ કન્ટેનરનો મોટો હિસ્સો રોકી રાખવાની ચીનની ચાલને કારણે અછતમાં વધારો થઈ રહ્યો છે. ચીનનું આ પગલું જુલાઈથી શરૂ થતી તેની નિકાસ સીઝન સાથે જોડાયેલું છે, જે ડિસેમ્બર સુધી ચાલે છે. દરિયાઈ શિપિંગની જેમ જ, હવાઈ માર્ગે (એર કાર્ગો) માલ મોકલવાના દરો પણ રૂ. ૧૦૦ પ્રતિ કિલોથી વધીને રૂ. ૪૦૦ પ્રતિ કિલો થઈ ગયા છે.

### ક્રૂડના ભાવ વધ્યા પછી ઘટ્યા, છતાં આ સપ્તાહે 10% વૃદ્ધિ રહી

# ક્રૂડના ભાવ 102 ડોલર પાર થયા પછી ફરી તૂટી 100 ડોલરની અંદર ઉતર્યાં

મુંબઈ

ક્રૂડમાં ઉંચા મથાળે નવી માગ ધીમી હતી. ગલ્ફના દેશો હોર્મુઝ રુટના વિકલ્પમાં અન્ય બાયપાસ રુટનો વિકલ્પ શોધી રહ્યા છે. તથા આ વિકલ્પ માટે અબજો ડોલરનો ખર્ચ કરવાની ગલ્ફના દેશોએ તૈયારી બતાવ્યાના સમાચાર મળ્યા હતા. અમેરિકાએ ૬૦ દેશો પર ૧૦થી ૧૨.૫૦ ટકા ટેરીફ લાદવાના સંકેતો આપતા તેની અસર પણ ક્રૂડના ભાવ નીચામાં ૮૮.૭૪ થઈ ૯૦.૦૮ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યું હોવાના સમાચાર હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૦૮૫થી ૪૦૮૬ ડોલરવાળા ઘટી નીચામાં ભાવ ૪૦૨૨ થઈ ૪૦૫૧થી ૪૦૫૨ ડોલર



રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે આજે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૦૦ ઘટી ૯૯૫ના ભાવ રૂ.૧૪૩૨૦૫ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૪૩૭૮૧ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૨૨૪૮૦ વાળા આજે સવારે રૂ.૨૧૯૫૫૬ થયા પછી છેલ્લે ભાવ રૂ.૨૨૨૭૨૧ રહ્યા હતા. મુંબઈ બજારમાં પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામદીઠ આજે છેલ્લે રૂ.૮૦૦ ઘટી રૂ.૫૬૫૪૧ રહ્યા હતા.વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૬૨૨ વાળા ૧૫૭૨ થઈ ૧૬૦૨થી ૧૬૦૩ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ ૧૨૬૯ વાળા ૧૨૩૩ થઈ ૧૨૫૯થી ૧૨૬૦ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૦.૧૦ ટકા પ્લસમાં રહ્યા હતા. ભારતમાં ગોલ્ડ રિઝર્વ ૩.૪૮ અબજ ડોલર ઘટી ૧૦૧.૭૫ અબજ ડોલર થયાનું રિઝર્વ બેન્કના સૂત્રોએ જણાવ્યું હતું. યુરોપમાં વ્યાજના દર જૂનમાં વધ્યા પછી હવે જુલાઈમાં જાળવી રાખવામાં આવ્યાના સમાચાર વચ્ચે વિશ્વ બજારમાં ડોલર સામે યુરોના ભાવ ઘટતાં વૈશ્વિક સોનાના ભાવ ઘટતા જોવા મળ્યા હતા.

## આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં વધારો રહ્યો

- **સોનું ₹2,622 વધીને ₹1.44 લાખ પર પહોંચ્યું, ચાંદી ₹7,247 મોંઘી થઈને ₹2.23 લાખ પ્રતિ કિલો થઇ**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં આ અઠવાડિયે વધારો જોવા મળ્યો. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 2,622 રૂપિયા વધીને 1.44 લાખ રૂપિયા થયો છે. આ પહેલા તે ગયા અઠવાડિયે એટલે કે 18 જુલાઈએ 1.41 લાખ રૂપિયા પર હતો. જ્યારે, ચાંદી 2.15 લાખ રૂપિયા પ્રતિ કિલોથી વધીને 2.23 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે, તેની કિંમતમાં 7,247 રૂપિયાનો વધારો થયો છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 12 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.44 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદીની કિંમતમાં 7 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.23 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદીએ 3.86 લાખ રૂપિયાનો સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પણ બનાવ્યો હતો. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો.

## અમદાવાદનું ચોમાસું: તંત્રની બેદરકારી, 40% કમિશનરાજ અને જનતાની મજબૂરી

# 18,500 કરોડના બજેટ છતાં સ્માર્ટ સિટી પાણીમાં ગરકાવ!



અમદાવાદ (હેમાંગ રાવલ:

અમદાવાદ શહેરમાં ચોમાસું શરૂ થતાં જ સ્માર્ટ સિટીના દાવાઓનો પાયો ધોવાઈ જાય છે. શહેરમાં વર્ષોથી વસવાટ કરતા નાગરિકો અને રાજકીય અગ્રણીઓના મતે, ચોમાસા દરમિયાન સર્જાતી જળબંબાકારની સ્થિતિ કોઈ નવી બાબત નથી. વર્ષ ૨૦૦૫માં શાસક પક્ષે પોતાના ચૂંટણી ઢંઢેરામાં દાવો કર્યો હતો કે સ્ટ્રોમ વોટર લાઈનની યોગ્ય વ્યવસ્થા કરીને પાણી ભરાવાની સમસ્યાને કાયમ માટે ઈતિહાસ બનાવી દેવાશે. પરંતુ આજે ૨૦થી ૨૨ વર્ષ અને અડધો ડઝન ચૂંટણીઓ વીતી ગઈ હોવા છતાં પરિસ્થિતિ જસની તસ છે.

### ■ ગરીબોના ઘરમાં પાણી ભરાય ત્યારે મૌન, VIP વિસ્તારોમાં મંત્રીઓની દોડધામ!

વર્ષોથી ગરીબ અને મધ્યમવર્ગીય વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસતા રહ્યા, પરંતુ તંત્રના પેટનું પાણી હલ્યું નહીં. વિડંબના એ છે કે જ્યારે સિંધુ ભવન રોડ જેવા પોશ વિસ્તારો અને કરોડો રૂપિયાના બંગલાઓમાં પાણી ભરાયા, ત્યારે મુખ્યમંત્રી સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા.

### ■ બક્ષીનો મેકિયાવેલી સિદ્ધાંત અને પ્રજાની સહનશીલતા

ખ્યાતનામ લેખક ચંદ્રકાંત બક્ષીએ પોતાના પુસ્તકમાં મેકિયાવેલીના સિદ્ધાંતનો ઉલ્લેખ કરતાં લખ્યું હતું કે, 'જો પ્રજાને તેના દુઃખ-દર્દ ભૂલાવવા હોય તો રાજાઓએ વચ્ચે-વચ્ચે સર્કસ યોજતા રહેવું જોઈએ.' આજની સ્થિતિમાં પણ એવું જ થઈ રહ્યું છે. જળબંબાકાર અને નુકસાન બાદ ટૂંક સમયમાં જ મોટા ઈવેન્ટ્સ અને કાર્યક્રમોના વિશાળ પોસ્ટરો લાગી જાય છે અને પ્રજા પોતાના પ્રશ્નો ભૂલી ફરી એ જ ચક્રમાં ફસાઈ જાય છે. હેલ્પલાઈન ૧૫૫૩૦૩ પર માત્ર ૧ જૂનથી ૧૯ જુલાઈ દરમિયાન જ રોડ તૂટવાની ૧૦,૫૧૪ ફરિયાદો નોંધાઈ છે, પરંતુ ઉકેલ વગર જ ફરિયાદો 'ક્લોઝ' થઈ જાય છે.

### ■ 40 ટકા કમિશનનો આક્ષેપ: રૂ.850 કરોડ પાણીમાં વહી ગયા?

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું વાર્ષિક બજેટ આશરે રૂ. ૧૮,૫૦૦ કરોડ છે. આટલી નાણાકીય ક્ષમતા છતાં પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ રહે છે. રૂ. ૮૫૦ કરોડથી વધુના ખર્ચે થયેલા કામોમાં ૪૦ ટકા સુધીનું કમિશન ઊંચા સ્તર સુધી પહોંચતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જેમ રાજ્યમાં રેવન્યુ અને ગૃહ ખાતું ભ્રષ્ટ હોવાનું સ્વીકારાયું હતું, તેમ જ AMC તંત્ર પણ ભ્રષ્ટાચારમાં ડૂબેલું હોય તેવું સ્પષ્ટ દેખાય છે. ગાંધીનગરમાં મંત્રીઓના નિવાસસ્થાન પાસે ખાડા પડતા નથી, તો અમદાવાદની જનતા જ કેમ આ ભોગવે?

## CMને બંગલાઓ-VIP વિસ્તારોમાં જવાનો સમય..' : વેપારીઓની મુશ્કેલી જાણવા કોઈ આવ્યું નહીં..! : દુકાનદાર

અમદાવાદ

અમદાવાદમાં પડેલા ભારે વરસાદ બાદ શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાવાની સાથે અનેક કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને દુકાનોમાં પણ પાણી ઘૂસી જતા વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે. અમદાવાદના હિમાલયા મોલ અને ગુરુકુળ વિસ્તાર નજીક આવેલા ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં પણ ભારે વરસાદ બાદ ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી પાણી દુકાનોમાં ઘૂસી જતા અનેક દુકાનદારોનો માલસામાન પલળી ગયો હતો. ઈલેક્ટ્રોનિક્સ, ફર્નિચર, કપડાં સહિતના સામાનને ભારે નુકસાન થયું હોવાનો દુકાનદારોનો આક્ષેપ છે.

ઈન્દ્રપ્રસ્થ ટાવરના દુકાનદારોના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ દરમિયાન પાણીનો નિકાલ યોગ્ય રીતે ન



થતાં વરસાદી પાણી કોમ્પ્લેક્સમાં ઘૂસી ગયું હતું. ધીમે ધીમે પાણી દુકાનોની અંદર પ્રવેશતા વેપારીઓમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. કેટલાક દુકાનદારોને પોતાની દુકાનોમાંથી સામાન બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

## ભારે વરસાદ બાદ રસ્તા પર અડચણ રુપ વાહનો હટાવવાની કામગીરી હાથ ધરાઈ

અમદાવાદ

શહેરમાં તાજેતરમાં વરસેલા ધોધમાર વરસાદે જનજીવનને બાનમાં લીધું હતું અને ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાતા લોકોની મુશ્કેલીમાં ધરખમ વધારો થયો હતો. ભારે વરસાદના કારણે રસ્તાઓ નદીમાં ફેરવાઈ જતાં અનેક વાહનચાલકોની ગાડીઓ રસ્તામાં જ બંધ પડી ગઈ હતી, જેને પરિણામે ચાલકો વાહનો અધવચ્ચે છોડીને જવા મજબૂર બન્યા હતા. આ અટવાયેલા વાહનો અને ભરાયેલા પાણીને કારણે શુક્રવારની વહેલી સવારથી શહેરના તમામ મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી અને ટ્રાફિકની ગંભીર સમસ્યા ઉભી થઈ હતી.

આ કપરી પરિસ્થિતિમાં અમદાવાદ પોલીસે જવાબદારી સંભાળી હતી અને ટ્રાફિક વ્યવસ્થાને પુનઃ કાર્યરત કરવા માટે સઘન ઝુંબેશ હાથ ધરી હતી. પોલીસ વિભાગે વિવિધ વિસ્તારોમાંથી ક્રેન દ્વારા આશરે 400થી વધુ લાવારિસ અને બંધ પડેલા વાહનોને હટાવીને રસ્તાઓ સાફ કર્યા હતા જેથી ટ્રાફિકનો માર્ગ મોકળો થઈ શકે. આ ઉપરાંત, પાણીના પ્રવાહમાં વાહનોમાંથી નીકળી ગયેલી 50 જેટલી નંબર પ્લેટો શોધીને પોલીસે તેમના અસલી માલિકોનો સંપર્ક કરી પરત સોંપવાની પ્રશંસનીય કામગીરી પણ કરી હતી. પોલીસની આ સતર્કતાને કારણે વાહનચાલકોને મોટી રાહત મળી હતી.

વરસાદી પાણીને કારણે રસ્તાઓનું ધોવાણ થતાં શહેરના અનેક પોઈન્ટ્સ પર જોખમી ખાડા પડી ગયા હતા, જે વાહનવ્યવહારમાં અવરોધ ઊભો કરી રહ્યા હતા. મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમની રાહ જોયા વિના પોલીસ જવાનોએ જાતે જ રસ્તા પર ઉતરીને માટી અને પથ્થરો વડે ખાડા પૂરવાનું કામ શરૂ કર્યું હતું.

**અમદાવાદમાં ભારે વરસાદ બાદ AMC એક્શન મોડમાં**

## સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રાહત અને મોન્સૂન કામગીરીની કરાઈ આકરી સમીક્ષા

પાણીનો ઝડપી નિકાલ, આરોગ્ય સુવિધાઓ અને સફાઈ અભિયાન માટે તમામ વિભાગો સક્રિય; નાગરિકોને ઝડપી મદદ પહોંચાડવા ચેરમેન કમલેશ પટેલની મ્યુનિસિપલ તંત્રને સ્પષ્ટ સૂચના

અમદાવાદ

અમદાવાદ શહેરમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ બાદ માર્ગો અને સોસાયટીઓમાં સર્જાયેલી સ્થિતિને પૂર્વવત્ કરવા તેમજ નાગરિકોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા કામગીરી તેજ કરવામાં આવી છે. શહેરની વર્તમાન પરિસ્થિતિ, રાહત કાર્યો અને મોન્સૂન એક્શન પ્લાનની સમીક્ષા કરવા માટે એએમસીની સ્ટેન્ડિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. સ્ટેન્ડિંગ કમિટીની આ બેઠકમાં શહેરના વિવિધ ઝોનમાં વરસાદ બાદ ભરાયેલા પાણી, રસ્તાઓ પર પડેલા ભુવા અને રોગચાળો ફેલાતો અટકાવવા માટે લેવાયેલા પગલાં અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કમિટી દ્વારા તમામ મ્યુનિસિપલ અધિકારીઓ પાસેથી વિસ્તારવાર રિપોર્ટ મેળવીને રાહત કાર્યોને વધુ ઝડપી બનાવવાનો રોડમેપ તૈયાર કરાયો હતો. બેઠક બાદ માહિતી આપતા



સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે: શહેરના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય માર્ગો પર ભરાયેલા વરસાદી પાણીના નિકાલ માટે હાઈ-કેપેસિટી પંપો દ્વારા સતત કામગીરી ચાલુ છે.

વરસાદ બાદ રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ વિસ્તારોમાં દવાનો છંટકાવ, ફોગિંગ અને આરોગ્ય વિષયક તપાસ હાથ ધરાઈ છે. સાથે જ ઘન કચરા નિકાલ વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## વસ્ત્રાપુરમાં ચોરી અને ગીતામંદિર પાસે લૂંટ થઇ

### વેપારીની સાથે ફુલહાર કરીને રહેતી મહિલા કબાટમાંથી 30 લાખની સોનાના કોઈન લઈને ફરાર

અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં રહેતા વેપારી સાથે ફુલહાર કરીને સાથે રહેતી મહિલા કબાટમાંથી 30 લાખની કિંમતના સોનાના 2 કોઈન ચોરીને નાસી છૂટી હોવાની ઘટના સામે આવી છે. બીજા એક બનાવમાં નવસારીથી અમદાવાદ આવેલા શાકભાજીના વેપારીને ગીતામંદિરથી એપીએમસી જતી વખતે રિક્ષામાં બેઠેલા શખ્સોએ છરી બતાવી 40 હજારની લૂંટ ચલાવી હતી. બંને ઘટના સંદર્ભે વસ્ત્રાપુર અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

વસ્ત્રાપુરમાં રહેતા વેપારી રાકેશ અગ્રવાલે પત્નીના અવસાન બાદ વર્ષ 2023માં સુશીલા અગ્રવાલ સાથે ફુલહાર કર્યા હતા. રાકેશભાઈના ઘરના કબાટમાં 45 લાખની કિંમતના 3 સોનાના કોઈન મૂકેલા હતા. થોડા દિવસ અગાઉ સુશીલાની દીકરી અને જમાઈ ઘરે આવીને 5 દિવસ રોકાયા બાદ પરત ગયા હતા. તે પછી રાકેશભાઈએ કબાટમાં તપાસ કરતાં 30 લાખની કિંમતના 2 સોનાના કોઈન ગાયબ મળ્યા હતા. પૂછપરછમાં સુશીલાએ ગોળ-ગોળ જવાબો આપતાં આખરે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવાઈ છે. નવસારીના બલિરામ યાદવ શાકભાજી ખરીદવા 17 જુલાઈના રોજ એસટી બસ મારફતે ગીતામંદિર આવ્યા હતા. તેઓ ત્યાંથી એપીએમસી માર્કેટ જવા માટે રિક્ષામાં બેઠા, જેમાં ડ્રાઈવર ઉપરાંત અન્ય 3 શખ્સો પહેલેથી જ હાજર હતા. રસ્તામાં એક શખ્સે છરી બતાવી બલિરામ પાસે રહેલા 40,000 લૂંટી લીધા હતા અને તેમને રસ્તા વચ્ચે ઉતારીને ફરાર થઈ ગયા હતા.

**પીકઅપ ચાલક ગંભીર ઈજાગ્રસ્ત**

## દેત્રોજ-વિઠલાપુર હાઈવે પર ટ્રક-પીકઅપ વચ્ચે અકસ્માત





અમદાવાદ

દેત્રોજ તાલુકાના દેકાવાડા ગામ નજીક દેત્રોજ-વિઠલાપુર ફોરલેન હાઈવે પર ટ્રક અને પીકઅપ ડાલા વચ્ચે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પીકઅપ ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે પીકઅપ ડાલાનો આગળનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો.

અકસ્માતની જાણ થતાં જ આસપાસના સ્થાનિક ગ્રામજનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે રાહત કામગીરી હાથ ધરી હતી અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત પીકઅપ ચાલકને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

અકસ્માતને કારણે દેત્રોજ-વિઠલાપુર ફોરલેન હાઈવે પર થોડા સમય માટે વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી અને ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી.

પ્રાથમિક તપાસમાં અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે અને અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ વિગતો મેળવવા કાર્યવાહી હાથ ધરી છે.

## અમદાવાદના ફતેવાડીમાં લોહિયાળ ખૂની ખેલ: પત્નીના ઝઘડાની અદાવતમાં યુવક પર પિસ્તોલથી ફાયરિંગ, ચકચાર!

અમદાવાદ

અમદાવાદ શહેરના બોપલ અને સરખેજ પંથક બાદ હવે ફતેવાડી વિસ્તારમાં સરેઆમ ફાયરિંગની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે. પત્ની સાથે ચાલી રહેલા કૌટુંબિક ડખાની પૂર્વ અદાવત રાખીને એક યુવક પર પિસ્તોલમાંથી તાબડતોબ ફાયરિંગ કરી લોહિયાળ ખેલ ખેલવામાં આવ્યો છે. આ હુમલામાં યુવક ગંભીર રીતે ઘાયલ થતાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મળતી વિગતો અનુસાર, ફતેવાડી વિસ્તારમાં રહેતા યુવકને તેની પત્ની સાથે બોલાચાલી અને તકરાર ચાલી રહી હતી. આ જ ઘરકંકાસ અને કૌટુંબિક ડખાની ખાર રાખીને સામા પક્ષના શખસોએ યુવકને નિશાન બનાવ્યો હતો. બોલાચાલી બાદ ઉશ્કેરાયેલા હુમલાખોરે ગુસ્સામાં આવીને પોતાની પાસે રહેલી ગેરકાયદેસર પિસ્તોલમાંથી યુવક પર પોઈન્ટ બ્લેન્ક રેન્જથી ફાયરિંગ કરી દીધું હતું. ધડાકાભેર ફાયરિંગ થતાં જ ફતેવાડી વિસ્તારના ધમધમતા રસ્તા પર નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાને અંજામ આપીને હુમલાખોર તકનો લાભ ઉઠાવી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં પડેલા યુવકને સ્થાનિકોની મદદથી તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું કહેવાય છે.

**APMCની દીવાલ ધરાશાયી અને ગણપતપુરા અંડરપાસ જળમગ્ન**

## અમદાવાદ જિલ્લામાં મેઘતાંડવ: બાવળા-સરખેજ હાઈવે બંધ કરાયું

### ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ: હાઈવે પર પાણી ભરાતા વાહન વ્યવહાર ઠપ્પ, પોલીસે ત્વરિત રેસ્ક્યૂ કામગીરી હાથ ધરી વૈકલ્પિક માર્ગો સૂચવ્યા

અમદાવાદ/બાવળા

અમદાવાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મેઘરાજાએ આક્રમક બેટિંગ ચાલુ રાખતા ચારેકોર જળબંબાકારની ભયાનક સ્થિતિ સર્જાઈ છે. સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે અમદાવાદને સૌરાષ્ટ્ર અને બંદર સાથે જોડતો અતિ મહત્વનો બાવળા-સરખેજ હાઈવે પાણીમાં ગરકાવ થઈ ગયો છે. માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો છે, જેને પગલે વાહનચાલકોની સુરક્ષા માટે તંત્ર દ્વારા આ હાઈવેને વાહનવ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે. ભારે વરસાદના કારણે બાવળા પંથકમાં ભારે હોનારતના દ્રશ્યો સામે આવ્યા છે: દીવાલ ધરાશાયી: સતત પાણીના પ્રવાહ અને વરસાદના



કારણે બાવળા એપીએમસી (APMC) ની કમ્પાઉન્ડ વોલનો એક મોટો ભાગ ધરાશાયી થઈ ગયો હતો. સદ્‌ભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી, પરંતુ ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ગણપતપુરા પાસે આવેલો અંડરપાસ સંપૂર્ણપણે પાણીમાં ડૂબી જતાં વાહનોની અવરજવર માટે સંપૂર્ણ બંધ થઈ ગયો છે. અંડરપાસમાં પાણીનું સ્તર વધી જતાં આસપાસનો વાહનવ્યવહાર સ્તબ્ધ થઈ ગયો છે. હાઈવે પર પાણી ભરાતા અનેક વાહનો ફસાઈ જવાની ઘટનાઓ સામે આવી હતી. ત્વરિત રેસ્ક્યૂ: ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિક પોલીસ અને તંત્રની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે પાણીમાં ફસાયેલા વાહનચાલકો અને નાગરિકોનું સુરક્ષિત રેસ્ક્યૂ કરવાનું કામ હાથ ધર્યું હતું. ટ્રાફિક ડાયવર્ઝન: હાઈવે બંધ થવાના કારણે ટ્રાફિક જામની મુશ્કેલી ન સર્જાય તે માટે પોલીસ દ્વારા હાઈવે પર બેરિકેડ્સ મૂકી દેવામાં આવ્યા છે અને વાહનચાલકોને સુરક્ષિત વૈકલ્પિક માર્ગો પરથી પસાર થવાની સત્તાવાર સૂચના આપવામાં આવી છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI